અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ માર્ચ ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ પાંચમ | અંક : ૨૨૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### વડાપ્રધાને દેશને ત્રણ સેમિકન્ડક્ટર એકમોની ભેટ આપી

# દેશમાં સેમીકન્ડક્ટર નિર્માણથી ભારત વૈશ્વિક કેન્દ્ર બની શકશે : નરેન્દ્ર મોદી

**મોદીએ જે ત્રણ સેમિકન્ડક્ટર એકમ શિલાન્યાસ કર્યો તેમાં ગુજરાતનાં સાણંદ અને ધોલેરામાં એક-એક અને આસામમાં એક એકમનો સમાવેશ થાય છે**

। નવી દિલ્હી, તા.૧૩ ।

આગામી લોકસભા ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હજારો-કરોડોની યોજનાઓનો શિલાન્યાસ અને ઉદઘાટન કરી રહ્યા છે, ત્યારે તેમણે આજે ત્રણ સેમિકન્ડક્ટર એકમોની ભેટ આપી છે. તેમણે આજે (૧૩ માર્ચે) વર્ચુઅલ માધ્યમથી લગભગ ૧.૨૫ લાખ કરોડ રૂપિયાના ત્રણ સેમિકન્ડક્ટરનો શિલાન્યાસ કર્યો છે. આ દરમિયાન તેમણે વીડિયો કોન્ફરન્સ દ્વારા 'ટેકેડઃ ચિપ્સ ફૉર વિકસિત ભારત' કાર્યક્રમમાં સંબોધન પણ કર્યું હતું.



વડાપ્રધાન મોદીએ યુવાઓને સંબોધનમાં કહ્યું કે, 'આજનો દિવસ ઐતિહાસિક છે. આજે આપણે ઈતિહાસ પણ સર્જી રહ્યા છીએ અને ઉજ્જવળ ભવિષ્ય તરફ મજબૂત પગલું ભરી રહ્યા છીએ. આજના યુવાઓ જોઈ રહ્યા છે કે, ભારત પ્રગતિ, આત્મનિર્ભર અને ગ્લોબલ સપ્લાઈ ચેનમાં ચારેતરફ કામ કરી રહ્યું છે. આ પ્રયાસોથી તેમનો આત્મવિશ્વાસ પણ વધશે અને આત્મવિશ્વાસ ભરેલો વ્યક્તિ ક્યાંય પણ હશે, તે પોતાના દેશનું ભાગ્ય બદલી નાખે છે.' તેમણે કહ્યું કે, 'આ અભૂતપૂર્વ પ્રસંગે આપણી સાથે દેશના ૬૦ હજારથી વધુ કૉલેજ, યુનિવર્સિટી અને એજ્યુકેશન ઈન્ટીટ્યૂટ પણ જોડાયા છે, જે એક રેકોર્ડ છે. આજે આપણે સોનેરા ભવિષ્ય તરફ આગળ વધી ઈતિહાસ રચી રહ્યા છીએ. આજે આપણે સેમીકંડક્ટર બનાવવા લગભગ ૧.૨૫ લાખ કરોડ રૂપિયાની ત્રણ યોજનાઓનું ઉદઘાટન કર્યું છે. દેશમાં સેમીકંડક્ટર નિર્માણથી ભારત વૈશ્વિક કેન્દ્ર બની શકશે.' તેમણે એમ પણ કહ્યું કે, ૨૦૨૪માં અત્યાર સુધીમાં ૧૨ લાખ કરોડ રૂપિયાથી વધુની યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરાયો છે. પીએમ મોદીએ આજે જે ત્રણ સેમિકન્ડક્ટર એકમ શિલાન્યાસ કર્યો તેમાં, ગુજરાતનાં સાણંદ અને ધોલેરામાં એક-એક અને આસામમાં એક એકમનો સમાવેશ થાય છે. આ એકમો સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં હજારો યુવાને રોજગારી આપશે અને ઈલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ્યુનિકેશન વગેરે જેવા સંબંધિત ક્ષેત્રોમાં રોજગાર સર્જનને પણ પ્રોત્સાહન આપશે. ઉલ્લેખનીય છે કે, સેમીકન્ડક્ટર ચીપ બનાવવાનો ભારતનો પ્રથમ પ્લાન્ટ ગુજરાતના ધોરેલા ખાતે ટાટા જૂથ દ્વારા સ્થાપવામાં આવી રહ્યો છે.



**હસમુખ પટેલ અને રંજનબેન ભટ્ટ રિપીટ**

# ભાજપ દ્વારા તેના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરવામાં આવી

**બીજી યાદીમાં નીતિન ગડકરી, મનોહર લાલ ખટ્ટર અને અનુરાગ ઠાકુર જેવા મોટા નેતાઓ પણ સામેલ છે**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

આગામી લોકસભાની ચૂંટણી માટે ભાજપે તેના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. જેમાં ગુજરાતની સાત બેઠકો માટે ઉમેદવારોના નામે જાહેર કરવામાં આવ્યા છે. જેમાં બે ઉમેદવારો રિપીટ કરવામાં આવ્યા છે. જ્યારે બે ઉમેદવારોના પત્તા કપાઈ ગયા છે. અગાઉ ભાજપે પોતાની પ્રથમ યાદી જાહેર કરી હતી જેમાં ૧૯૫ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. જ્યારે બીજી યાદીમાં કુલ ૭૨ નામો જાહેર કર્યા છે. જેમાં નીતિન ગડકરી, મોહનલાલ ખટ્ટર જેવા મોટા નેતાઓના નામ પણ સામેલ છે. ભાજપે તેની બીજી યાદીમાં દિલ્હી, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા, ત્રિપુરા, ઉત્તરાખંડના ઉમેદવારો જાહેર કર્યા છે. આ યાદીમાં મોટા નેતાઓના નામ પણ સામેલ છે. જેમાં નીતિન ગડકરી નાગપુરથી અને હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરને કરનાલથી તથા હિમાચલ પ્રદેશમાં અનુરાગ ઠાકુરને હમીરપુર બેઠકની ટિકિટ આપવામાં આવી છે.

ભાજપે પોતાના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે તેમાં ગુજરાતમાં સાત બેઠકો માટે ઉમેદવારોની પસદંગી કરવામાં આવી છે. આ સાત ઉમેદવારોમાં હસમુખ પટેલ અને રંજનબેનને રિપીટ કરવામાં આવ્યા છે. જ્યારે ભારતીબેન શિયાળ અને દર્શના જરદોશનું પત્તું કપાઈ ગયું છે. બીજી યાદીમાં ગુજરાતના સાત ઉમેદવારોમાં સાબરકાંઠામાં ભીખાજી દુધાજી ઠાકોરને ટિકિટ આપવામાં આવી છે. જ્યારે અમદાવાદ પૂર્વની બેઠક પર હસમુખ પટેલની પસંદગી કરવામાં આવી છે. ભાવનગરની બેઠક પર નિમુબેન બાંભણીયા ચૂંટણી લડશે. વડોદરામાં રંજનબેન ભટ્ટને રિપીટ કરવામાં આવ્યા છે. જશુભાઈ રાઠવા છોટા ઉદેપુર બેઠક પરથી ચૂંટણી લડશે. સુરતમાં મુકેશ દલાલ અને વલસાડની બેઠક પર ધવલ પટેલને ટિકિટ આપવામાં આવી છે.

કોંગ્રેસે ૧૨ માર્ચ એટલે કે મંગળવારે પોતાની બીજી યાદી જાહેર કરી હતી. જેમાં ગુજરાતના સાત ઉમેદવારોના નામ સામેલ હતા. કોંગ્રેસે ગુજરાતમાં જે ઉમેદવારોની જાહેરાત કરી છે તેમાંથી બે ધારાસભ્યો, એક ભૂતપૂર્વ ધારાસભ્ય અને ચાર નવા ચહેરાને મેદાનમાં ઉતાર્યા છે. કોંગ્રેસે બનાસકાંઠામાં ગેનીબેન ઠાકોર, પોરબંદરમાં લલિત વસોયા, અમદાવાદ પૂર્વથી રોહન ગુપ્તા, અમદાવાદ પશ્ચિમથી ભરત મકવાણા, વલસાડથી અનંત પટેલ, બારડોલીથી તુષાર ચૌધરી જ્યારે દીવ-દમણ માટે કેતન પટેલને ટિકિટ આપી છે.

ગુજરાતની વાત કરવામાં આવે તો છેલ્લી બે ચૂંટણીથી ભાજપનો દબદબો રહ્યો છે અને તમામ ૨૬ બેઠકો પર તેણે વિજય નોંધાવ્યો છે. ૨૦1૪ અને બાદમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનો સફાયો થઈ ગયો હતો. કોંગ્રેસ એક પણ બેઠક જીતી શક્યું ન હતું. આ વખતે કોંગ્રેસ ગુજરાતમાં આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કર્યું છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટી બે બેઠકો પરથી ચૂંટણી લડવાની છે. તેથી હવે જોવાનું એ રહેશે કે ગુજરાતમાં આ વખતે ભાજપ તમામ બેઠકો જીતવામાં સફળ રહે છે કે નહીં. આ વખતે ભાજપ દ્વારા તમામ બેઠકો પાંચ લાખ વોટના માર્જિનથી જીતવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

## મહિલાઓને સરવે વગર જ અનામત અપાશે : રાહુલ



। નવી દિલ્હી, તા.૧૩ ।

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે દરેક રાજકીય પાર્ટીઓ પૂરજોશમાં પ્રચાર કરી રહી છે. રાહુલ ગાંધીહાલ ભારત જોડો ન્યાય યાત્રા કરી રહ્યા છે અને તેમની યાત્રા મહારાષ્ટ્રમાં પહોંચી ગઈ છે, જ્યાં તેમણે મહિલાઓને લઈને એક મોટા ચૂંટણી વચનની જાહેરાત કરી હતી. રાહુલ ગાંધીએ ભારત જોડો ન્યાય યાત્રા મણિપુરથી શરુ કરી હતી, જે મહારાષ્ટ્રમાં પહોંચી ગયી છે જેમાં મહિલાઓ પણ ઉત્સાહથી ભાગ લઈ રહી છે. લોકસભાની ચૂંટણીને લઈને રાહુલ ગાંધી આ યાત્રા દ્વારા દરેક રાજ્યમાં કોંગ્રેસને વધુને વધુ બેઠક મળે તે માટે પ્રચાર કરી રહ્યા છે ત્યારે આજે તેમણે કહ્યું હતું કે જો કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવશે તો મહિલાઓને સરવે વગર જ અનામત આપશે.

### શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી

# શેરબજારમાં રોકાણકારોની સંપત્તીમાં ૧૩ લાખ કરોડનો ઘટાડો નોંધાયો

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

બુધવારે ઘણા ઉતાર-ચઢાવ બાદ બીએસઈસેન્સેક્સ ૯૦૬ પોઈન્ટ ઘટીને ૭૨૭૬૨ પોઈન્ટના સ્તર પર બંધ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૩૮ પોઈન્ટની નબળાઈ સાથે ૨૧૯૯૭ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. દિવસભર શેરબજારની કામગીરીમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો હતો અને બીએસઈસેન્સેક્સમાં ભારે ઘટાડાથી રોકાણકારોની મૂડીમાં રૂ. ૧૩ લાખ કરોડનો ઘટાડો થયો છે. શેરબજારમાં નબળાઈનું કારણ



સ્મોલ કેપ અને મિડ કેપ શેર્સમાં ભારે વેચવાલી છે. બુધવારે સ્મોલ કેપ ઈન્ડેક્સ પાંચ ટકા જ્યારે મિડકેપ ઈન્ડેક્સ ત્રણ ટકાથી વધુ ઘટીને બંધ થયો હતો.માઈક્રો કેપ અને એસએમઈ શેરો પણ પાંચ ટકા ઘટીને બંધ થયા હતા. ઘણા શેરબજારના નિષ્ણાતો અને કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સેબીના વડાએ કહ્યું છે કે સ્મોલ કેપ અને મિડ કેપ શેરોમાં પરપોટો બની રહ્યો છે, જેના કારણે છેલ્લા કેટલાક દિવસોથી સ્મોલ કેપ અને મિડ કેપ શેરોમાં ભારે વેચવાલી ચાલી રહી છે. શેરબજારમાં નબળાઈના સમયગાળા દરમિયાન પણ આઈટીસીના શેર ૪.૨૯ ટકાના વધારા સાથે બંધ થયા હતા. આઈસીઆઈસીઆઈબેંક, બજાજ ફાઈનાન્સ અને કોટક બેંકના શેર પણ વધ્યા જ્યારે પાવર ગ્રીડ, કોલ ઈન્ડિયા સાત ટકાથી વધુ ઘટીને બંધ થયા.

### રિઝર્વ બેન્કની કાર્યવાહી બાદ પેટીએમ પર પ્રતિબંધ

# પેટીએમને ફાસ્ટેગ સેવા આપતી બેંકોની યાદીમાંથી હટાવી દીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની કાર્યવાહી બાદ પેટીએમ પેમેન્ટ બેંક પર આખરે પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. પે ટીએમપેમેન્ટ્સ બેંક (પીપીબીએલ)પર પ્રતિબંધ લગાવ્યા પછી નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) એ પીપીબીએલને ફાસ્ટેગની સેવા આપતી બેંકોની યાદીમાંથી હટાવી દીધી છે. એ પછી એનએચએઆઈએ ફાસ્ટટેગ સર્વિસ આપતી બેંક અને નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓની યાદી અપડેટ કરી છે. જો તમે પણ પેટીએમ ફાસ્ટ ટેગનો ઉપયોગ કરો છો તો તમારી પાસે તક છે. તમે ફાસ્ટ ટેગને પોર્ટ અથવા ડિએક્ટિવેટ કરી શકો છો. એનએચએઆઈની સુધારેલી યાદી મુજબ હવે આ બેંકો અથવા એનબીએફસીએસફાસ્ટેગ સેવા ઉપલબ્ધ રહેશે.

### ખાલિસ્તાની આતંકીની હત્યાના મામલે રાજકીય ગરમાવો

# નિજ્જર હત્યાના પુરાવા ક્યાં છે : ન્યૂઝીલેન્ડના ડે. પીએમ

। (એજન્સી) વેલિંગ્ટન, તા.૧૩ ।

ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યાના મામલામાં ન્યૂઝીલેન્ડના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટરે આપેલા નિવેદનના કારણે કેનેડાના વડાપ્રધાન ટ્રૂડોની ઉંઘ ઉડી ગઈ છે. ટ્રૂડોએ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનો આરોપ મુકયો હતો અને ન્યૂઝીલેન્ડના ડેપ્યુટી પીએમ વિન્સટન પીટર્સે આ દાવાની હવા કાઢી નાંખતુ નિવેદન આપ્યુ છે. ઉલ્લેખનીય છે કે, ન્યૂઝીલેન્ડ અને કેનેડા ફાઈવ આઈઝ નામના જાસૂસી ગઠબંધનના સભ્ય છે. જેમાં સામેલ બીજા દેશોમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને બ્રિટનનો સમાવેશ થાય છે. ટ્રૂડોએ ફાઈવ આઈઝ ગઠબંધન દ્વારા મળેલી ગુપ્ત માહિતીનો હવાલો આપીને જ ભારત પર નિજ્જરની હત્યાનો આરોપ મુકયો હતો.




### વિરમગામ ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

## ખોદકામ વખતે સોના ચાંદીના સિક્કા મળ્યા



। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

સુરતના વેપારીને અજાણ્યા વ્યક્તિ સાથે સોનાના દાગીનાની ડીલ કરવી ભારે પડી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. વેપારીને એક શખ્સે ફોન કરીને પોતે મજૂરોનો ઠેકેદાર હોવાની ઓળખ આપી હતી. બાદમાં ખોદકામ દરમિયાન રાજા રાણીના સિક્કા અને સોનાના દાગીના સહિત મુલ્યવાન વસ્તુઓ મળી હોવાનું કહેતા વેપારી તેને ખરીદવાની લાલચમાં આવી ગયા હતા. વેપારીએ આ દાગીના ખરીદવા માટે અલગ અલગ લોકો પાસેથી ઉછીના નાણાં લઈને ૯૯ લાખ આપીને શખ્સ પાસેથી દાગીના લીધા હતા. બાદમાં તે સોની પાસે ખરાઈ કરાવતા દાગીના નકલી હોવાનું સામે આવતા પોલીસ ફરિયાદ નોંધાવી છે. જે મામલે વિરમગામ ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સુરતમાં રહેતા નિકુંજભાઇ કાછડીયા ખુરશી, ગાદલા, ઓશીકાનો વેપાર કરે છે. ગત તા.૧૬ ફેબ્રુઆરીએ નિકુંજભાઇના ભાગીદાર પર એક અજાણી વ્યક્તિએ મજૂરોનો ઠેકેદાર હોવાનું કહીને ફોન કર્યો હતો. જયેશ નામના શખ્સે ખોદકામ દરમિયાન સોના ચાંદીની વસ્તુ તથા રાજારાણીના સિક્કા મળ્યા હોવાથી તેના વેચાણ બાબતે વાત કરી હતી. બાદમાં નિકુંજભાઇએ ગઠિયા સાથે વાત કરતા તેણે પોતાની પાસે રાજા રાણીના સિક્કા, આઠેક કિલોના સોનાના પાવલી જેવા સિક્કા, બે અઢી કિલોની સોનાની માળા, હાથના કડા અને સોનાનો કમરપટ્ટો હોવાનું જણાવ્યુ હતું. બાદમાં આ શખ્સે બગોદરા ચોકડી ખાતે ખાતે બોલાવીને નિકુંજભાઇને એક બંટી બબલી સાથે મળાવીને દાગીના બતાવ્યા હતા. નિકુંજભાઇ તે દાગીના સુરત ખાતે સોનીને બતાવવા લઈ ગયા હતા.

### ઘઉં અને તુવેરના ભાવે કર્યા ખેડૂતોને ખુશ

# જૂનાગઢ APMC વિવિધ જણસીઓથી ઉભરાયું

**જૂનાગઢ યાર્ડમાં વિવિધ જણસીની આવક થઇ હતી, ખેડૂતોને સારા ભાવ મળ્યા હતા, ચાલુ વર્ષે મગફળીના સારા ભાવ રહ્યાં હતા**

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૩ ।

આજે માર્કેટિંગ યાર્ડમાં જણસીઓની પુષ્કળ પ્રમાણમાં આવક થઈ હતી, ત્યારે તુવેર, ઘઉં અને મગફળીની આવક તથા ખેડૂતોમાં સારા ભાવ મળવાને લીધે ખુશખુશાલ જોવા મળી હતી. આજે કુલ ૧૭ જણસીઓની આવક નોંધાઈ હતી, જેમાં તુવેરના અને ઘઉંના ખેડૂતોને ખૂબ સારા ભાવ મળ્યા હતા. ખેડૂતો ઓપન માર્કેટમાં પોતાના પાકને વેચવાનું એટલા માટે જ પસંદ કરી રહ્યા છે. કારણ કે, ટેકાના ભાવ કરતા ખેડૂતોને ઓપન માર્કેટમાં સારા એવા ભાવ મળી રહે છે, જેથી આજે સારા ભાવ મળતા ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા હતા. આજે તુવેરની ૩,૭૬૮ ક્વિન્ટલની આવક નોંધાઈ હતી.

યાર્ડમાં આજે ખેડૂતોને તુવેર સારા એવા ભાવ મળ્યા હતા. આજે ૩,૯૭૮ ક્વિન્ટલ તુવેરની આવક સામે એક મણનો ઉંચો ભાવ ૨,૦૭૮ રૂપિયા એક મણનો નીચો ભાવ ૧,૮૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૧,૯૭૦ રૂપિયા નોંધાયો હતો. આજે ખેડૂતોને તુવેરમાં અને સોયાબીનમાં સારો એવો ભાવ મળ્યો હતો, જેથી ખેડૂતો ખુશ જોવા મળ્યા હતા. અડદની આજે આવક નોંધાઈ નથી. જૂનાગઢ યાર્ડમાં વિવિધ જણસીની આવક થઈ હતી, ખેડૂતોને સારા ભાવ મળ્યા હતા. ચાલુ વર્ષે મગફળીના સારા ભાવ રહ્યાં હતા. યાર્ડમાં તલ, જીરું, ઘઉં, ધાણા, સોયાબીન, તુવેરના સારા ભાવ ખેડૂતોને મળ્યા હતા. ટુકડા ઘઉંની ૪,૦૩૭ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૬૨૬, નીચો ભાવ ૪૬૦ અને એક મણનો સામાન્ય ભાવ ૪૮૦ રૂપિયા નોંધાયો હતો. લોકવન ઘઉંની ૬,૦૫૫ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઉંચો ભાવ ૫૯૬ એક મણનો નીચો ભાવ ૪૫૦ અને સામાન્ય ભાવ ૪૮૫ રૂપિયા નોંધાયો હતો. જૂનાગઢ યાર્ડમાં આજે મગફળીની સારી આવક થઈ હતી. યાર્ડમાં થોડા દિવસો પહેલાં ભાવનો ઘટાડો જોવા મળ્યો હતો. જે વધીને આજે યાર્ડમાં મગફળીના એક મણના ઉંચા ભાવ ૧,૩૧૪ રૂપિયા બોલાયા હતા અને નીચા ભાવ ૧,૦૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૧,૧૮૦ રૂપિયા નોંધાયા હતા. જૂનાગઢ જિલ્લામાં ચાલુ વર્ષે સોયાબીનનું સારું વાવેતર થયું છે. યાર્ડમાં આજે સોયાબીનની પણ આવક થઈ હતી. ખેડૂતોએ સંગ્રહ કરેલા સોયાબીન આવ્યા હતા, ત્યારે આજે સોયાબીનની ૮૮૭ ક્વિન્ટલ આવક થઈ હતી. યાર્ડમાં એક મણ સોયાબીનના ૮૮૨ રૂપિયા ભાવ બોલાયો હતો, જયારે સામાન્ય ભાવ ૮૬૦ રૂપિયા રહ્યો હતો અને નીચા ભાવ ૮૦૦ રૂપિયા રહ્યો હતો.

### આજે સૌથી વધારે બટાકાના પાકની આવક થઈ હતી

## રાજકોટ APMCમાં ટુકડા ઘઉંની ધૂમ આવક થઈ

। (એજન્સી) રાજકોટ, તા.૧૩ ।

માર્કેટ યાર્ડમાં આજે મગફળી, કપાસ, ઘઉં અને બટાકા સહિતના પાકની આવક મોટા પ્રમાણમાં થઈ હતી. યાર્ડમાં અત્યારે સૌથી વધુ ટુકડા ઘઉંની આવક થઈ હતી. યાર્ડમાં અત્યારે ટુકડા ઘઉંની ૯ હજાર ક્વિન્ટલથી વધારે આવક થઈ છે. તેથી જ્યાં જુઓ ત્યાં ઘઉં જોવા મળી રહ્યાં છે. ત્યારે જાણીએ કે રાજકોટ માર્કેટ યાર્ડમાં ખેડૂતોને જણસીના શું ભાવ મળ્યા હતા. યાર્ડમાં અત્યારે ટુકડા ઘઉંની આવક જ ૯ હજાર ક્વિન્ટલથી વધારે થઈ છે. રાજકોટ માર્કેટ યાર્ડમાં ટુકડા ઘઉંની ૯૫૦૦ ક્વિન્ટલ આવક થઈ હતી. ટુકડા ઘઉંનો એક મણનો ભાવ ખેડૂતોને ૫૦૫ થી ૫૯૦ રૂપિયા મળ્યા હતા. રાજકોટ માર્કેટ યાર્ડમાં મગફળીની ૩૦૦૦ ક્વિન્ટલથી વધુ આવક થઈ હતી. જાડી મગફળીની ૨૫૦૦ ક્વિન્ટલ આવક થઈ હતી. જાડી મગફળીના ખેડૂતોને ૧૦૬૫ થી ૧૩૧૦ રૂપિયા મળ્યો હતો. જ્યારે ઝીણી મગફળીની ૧૫૦૦ ક્વિન્ટલ આવક થઈ હતી. એક મણ મગફળીના ૧૦૩૦થી ૧૨૪૦ રૂપિયા મળ્યો હતો. રાજકોટ માર્કેટ યાર્ડમાં આજે સૌથી વધારે બટાકાના પાકની આવક થઈ હતી. આજે રાજકોટ માર્કેટ યાર્ડમાં ૩૮૪૦ ક્વિન્ટલ બટાકાની આવક થઈ હતી. ખેડૂતોને ૧૭૦થી ૩૧૦ રૂપિયા મળ્યા હતા. યાર્ડમાં બટાકાની ધૂમ આવક થતાં યાર્ડ બટાકાથી ઉભરાયું હતું. યાર્ડમાં આજે કપાસની ૩૨૫૦ ક્વિન્ટલ આવક થઈ હતી. આજે એક મણ કપાસના ખેડૂતોને ૧૫૦૦થી ૧૬૫૦ રૂપિયા ભાવ મળ્યા હતા. ખેડૂતોને કપાસના ભાવ ૧૬૦૦ રૂપિયાથી વધારે મળતા ખેડૂતોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. યાર્ડમાં આજે લાલ સુકા મરચાની ૫૬૦ ક્વિન્ટલ આવક થઈ હતી. મરચાના ખેડૂતોને ૧૪૫૦ થી ૩૫૫૦ રૂપિયા મળ્યો હતો. રાજકોટ માર્કેટ યાર્ડમાં આજે ૨૧૦૦ ક્વિન્ટલ ડુંગળીની આવક થઈ હતી. ખેડૂતોને ૧૩૦થી ૩૩૧ રૂપિયા ભાવ મળ્યો હતો.

### અજમાના ભાવ ખેડૂતોને માંગ્યા મોઢે મળી રહ્યાં છે

## હાપા માર્કેટિંગ યાર્ડમાં ધાણા અને જીરુંની પુષ્કળ આવક



। (એજન્સી) જામનગર, તા.૧૩ ।

જામનગરના હાપા માર્કેટ યાર્ડમાં અત્યારે નવા ધાણા અને જીરું સહિતના અનેક જણસીની આવક થઈ રહી છે. યાર્ડમાં અત્યારે સુકી ડુંગળી, કપાસ, અજમો અને લસણ સહિતના પાકની આવક થઈ રહી છે. આજે ૧૮૪૮ ખેડૂતો જણસી વેચવા માટે આવતા ૭૪,૪૭૪ મણ જણસીની આવક નોંધાઈ હતી. યાર્ડમાં અજમાના ભાવ પણ ખેડૂતોને માંગ્યા મોઢે મળી રહ્યાં છે. અજમાનો ભાવ ખેડૂતોને ૪ હજારથી વધારે મળ્યો હતો. અજમાની આવક યાર્ડમાં ૧૬૯૧ મણ થઈ છે. યાર્ડમાં ૨૭ જેટલા ખેડૂતો અજમાનો પાક લઈને પહોંચ્યા હતા. અજમાનો ભાવ ખેડૂતોને ૨૧૫૦થી ૪૦૦૦ રૂપિયા મળ્યો હતો. જીરુંની આવક યાર્ડમાં ૧૨૨૫૮ મણ થઈ છે. જીરુંનો ભાવ ખેડૂતોને ૩૦૦૦ રૂપિયાથી લઈને ૫૨૦૫ રૂપિયા મળ્યો હતો. ૪૧૬ જેટલા ખેડૂતો જીરુંનો પાક લઈને યાર્ડમાં પહોંચ્યા હતા. વધુમાં ૨૭૦ ખેડૂતો ધાણા વેચવા માટે આવતા યાર્ડમાં ૧૨,૩૮૮ મણ ધાણાની આવક નોંધાઈ હતી અને તેના ભાવ ૧૨૦૦ રૂપિયાથી માંડી ૧૯૦૦ રૂપિયા જેવા રહ્યા હતા. લસણની યાર્ડમાં ૫૯૭ મણ આવક થઈ છે. યાર્ડમાં લસણનો ભાવ ૯૫૦ થી ૨૧૬૦ રૂપિયા મળ્યો હતો. કપાસના ભાવની વાત કરવામાં આવે તો કપાસના ભાવ ખેડૂતોને ૧૨૩૦ રૂપિયા થી ૧૬૯૫ રૂપિયા મળ્યા હતા. યાર્ડમાં કપાસની આવક ૬૫૯૦ મણ થઈ છે. યાર્ડમાં ૨૬૭ થી વધારે ખેડૂતો કપાસનો પાક લઈને પહોંચ્યા હતા. આમ યાર્ડમાં ૭૪૪૭૪ મણ જણસીની આવક થઈ છે અને ૧૮૪૮ થી વધારે ખેડૂતો જણસીનો પાક લઈને પહોંચ્યા હતા.

### ગુજરાતમાં વિદેશ મોકલવાનું વધુ એક કૌભાંડ ઝડપાયું

## અસલી આપ્યા છતાંય નકલી ડોક્યુમેન્ટ બનાવવામાં આવ્યા

**વિશાલ પટેલ તમામ ડોક્યુમેન્ટ ખોટા બનાવી મિહિર રામી અને સચિન ચૌધરી ઓસ્ટ્રેલિયા મોકલી આપ્યા હોવાનું સામે આવ્યું છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

વિદેશ જવાની ઘેલછામાં વિદ્યાર્થીઓના નકલી દસ્તાવેજો બનાવી કોઈપણ ભોગે તેને વિદેશ મોકલવાનું રાજ્યવ્યાપી કૌભાંડ ચાલી રહ્યું છે. તેની તપાસ CID ક્રાઈમ દ્વારા કરવામાં આવી રહી છે. તાજેતરમાં ૧૭ કરતા વધુ કન્સલ્ટન્સીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાંથી ડુપ્લીકેટ માર્કશીટ તથા બેંકના ખોટા લેટરપેડ સહિત અન્ય દસ્તાવેજો મળી આવ્યા હતા. ડુપ્લીકેટ ડોક્યુમેન્ટ કોણે અને કેવી રીતે બનાવ્યા છે. તેની તપાસમાં ગાંધીનગરના કુડાસણ ખાતે આવેલી ઉમિયા ઓવરસીઝના માલિક વિશાલ પટેલનું નામ સામે આવ્યું હતું. જે બાદ CID ક્રાઈમે વિશાલ પટેલ સામે ગુનો નોંધીને તેની શોધખોળ હાથ ધરી છે. ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં ગુજરાત રાજ્યના જુદા જુદા શહેરમાં આવેલી ૧૭થી વધુ કન્સલ્ટન્સી પર CID ક્રાઈમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.

સ્ટુડન્ટ વિઝા, વર્ક પરમિટ સહિતના અલગ અલગ વિઝા અપાવવાની લાલચ આપીને લોકોના ખોટા ડોક્યુમેન્ટ બનાવી વિદેશ મોકલવાનું રાજ્યવ્યાપી કૌભાંડ ચલાવવામાં આવી રહ્યું છે. જેની તપાસ ગાંધીનગર CID ક્રાઈમ દ્વારા ચલાવવામાં આવી રહી છે. ૧૭ જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા હતા. તેમાં તપાસ એજન્સી કુલ ૩૫૭૧ ડુપ્લીકેટ દસ્તાવેજ મળી આવ્યા હતા. જેમાં મોટા ભાગના ધોરણ-૧૦થી લઈને ડિપ્લોમાં અને ડિગ્રીની માર્કશીટ,બેંકના સેકશન લેટર મળી આવ્યા છે. જેમાંથી મિહિર રામી અને સચિન ચૌધરી નામના બે શખ્સોએ ગાંધીનગરના કુડાસણમાં આવેલી ઉમિયા ઓવરસીઝ કન્સલ્ટન્સીમાં વિશાલ પટેલ પાસે પ્રોસેસ કરાવી હતી.



હોળીનો તહેવાર નજીકના દિવસોમાં છે ત્યારે લોકો કલરની ખરીદી કરી રહ્યા છે.

## સાર્વજનિક સ્થળે અશ્લીલ કૃત્ય કરવાથી જેલ જવુ પડશે

। (એજન્સી) જામનગર, તા.૧૩ ।

જો તમે સાર્વજનિક સ્થળે કોઈપણ પ્રકારનું ગંદું કે અશ્લીલ કૃત્ય કરો છો, તો તમારે જેલ ભોગવવી પડી શકે છે. પાર્ક કે મોલમાં ઘણીવાર કપલ્સ અશ્લીલ હરકતો કરતા જોવા મળે છે. ખાસ કરીને ઘણા યુગલોને આવી બાબતોની ખબર હોતી નથી, આવી સ્થિતિમાં જ્યારે પોલીસ કે અન્ય કોઈ તેમને અટકાવે છે ત્યારે તેમને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ઘણી વખત એવું જોવામાં આવ્યું છે કે પાર્કમાં બેઠેલા કપલ્સ એકબીજા સાથે આવા કામ કરવા લાગે છે, જેના કારણે ત્યાં હાજર લોકોને પરેશાની થાય છે. ઘણી વખત લોકો પાર્ક અથવા કોઈપણ સાર્વજનિક સ્થળે યુગલોને કિસ કરતા જોઈને પોલીસને ફોન કરે છે અને પછી પોલીસ કાર્યવાહી પણ કરે છે.

જો તમે જાહેર સ્થળે અશ્લીલ કૃત્ય કરો છો, તો પોલીસ તમને પકડી શકે છે અને તમને ત્રણ મહિના સુધીની જેલ થઈ શકે છે. આ IPCની કલમ ૨૯૪ હેઠળ આવે છે. સાર્વજનિક સ્થળે પાર્ક કરેલી કારમાં પણ ચુંબન કરવું અથવા અશ્લીલ કૃત્ય કરવું એ ગુનો છે, આ માટે તમને સજા પણ થઈ શકે છે. સામાન્ય રીતે, તે સ્થળ અને વાતાવરણ પર પણ આધાર રાખે છે કે તમે જે ક્રિયા કરી રહ્યા છો તે અશ્લીલતાના દાયરામાં આવશે કે નહીં. ઉદાહરણ તરીકે, કેટલાક શહેરોમાં ચુંબન સામાન્ય હોઈ શકે છે, જ્યારે કેટલાક સ્થળોએ તેને અશ્લીલ ગણવામાં આવશે.

### ઉનાળો શરૂ થતાની સાથે દરેક શહેરમાં મસાલા બજાર ધમધમવા લાગે છે

## ગૃહિણીઓનાં બજેટમાં થશે બચત, મરચાનાં ભાવમાં મોટો ઘટાડો

**જામનગર શહેરમાં મરચા દળવાની સીઝન શરૂ થઇ ગઇ છે, આ વર્ષે ગૃહિણીઓ માટે રાહત**

। (એજન્સી) જામનગર, તા.૧૩ ।

માર્ચ અને એપ્રિલ મહિનામાં ગૃહિણીઓ આખા વર્ષનો ગરમ મસાલાની ખરીદી કરતી હોઈ છે. ત્યારે આ વર્ષે પણ બજારમાં બારે માસ ભરવા લાયક મરચા દળવાની સીઝન શરૂ ગઈ છે. જામનગરમાં રેસમપટ્ટો, કાશ્મીરી, તેજા મરચી સહિતની જુદી જુદી વેરાયટીના મસાલા ઉપલબ્ધ છે. રેસમપટ્ટાના ભાવ ૩૦૦ રૂપિયા, કાશ્મીરીના ભાવ ૮૦૦ અને તેજા મરચીના ભાવ ૩૫૦ રૂપિયા એક કિલોના છે. રાહતના સમાચાર એ છે કે, મરચા, હળદર, ધાણા-જીરું સહિતના મસાલાના પાકનું સારું ઉત્પાદન થતા ગત વર્ષ કરતા મસાલાના ભાવમાં કિલોએ રૂ. ૫૦થી ૧૦૦ રૂપિયાનો ઘટાડો થયાનું જામનગરના મસાલાના વેપારીઓએ જણાવ્યું હતું. વધુમાં જામનગરમાં કાશ્મીરી અને રેશમપટ્ટો મરચાની મોટી માંગ હોવાનું જણાવાયું છે. માર્ચ અને એપ્રિલના મહિનામાં હળદર, મરચું, ધાણા-જીરું સહિતના મરી મસાલાની સીઝન હોય છે. આ બે મહિનામાં જ બાર મહિના ચાલે તેટલા મસાલાની ખરીદી કરવામાં આવે છે. જોકે હવે મોલ કલ્ચર આવતા લોકો બાર મહિનાનું સાથે મરચું ખરીદવાને બદલે છ મહિનાની ખરીદી કરે છે અને ત્યારબાદ મોલમાંથી લોકો ખરીદી કરે છે. જેને લઈને ઘરાકી ઓછી જોવા મળી રહી છે. પરંતુ આ વર્ષે ભાવમાં ઘટાડો નોંધાતા ઘરાકીનો માહોલ ધીમે ધીમે જામી રહ્યો છે. વેપારીઓનું કહેવું છે કે, જામનગરમાં આવતું તીખું મરચું આંધ્રપ્રદેશથી આવે છે. જયારે હીંગ અફઘાનિસ્તાનના કાબુલમાંથી આવે છે. આ વર્ષે મરચા અને હળદરનું ઉત્પાદન સારું હોવાથી ભાવમાં પ્રમાણમાં ઘટાડો નોંધાય છે. જેમાં રેશમપટ્ટો મરચું જે ગત સાલ ૩૫૦ થી ૪૦૦ રૂપિયાએ કિલો વેચાતું હતું.

**વિશેષ** મંત્રીશ્રી ડો કુબેરભાઈ ડીંડોરના હસ્તે આયુષ્યમાન હેલ્થકાર્ડ અને ''પીપીઇ કીટ'' વિતરણ કરવામાં આવ્યુ હતુ

# વડાપ્રધાનશ્રીનો વર્ચ્યુઅલ કાર્યક્રમ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં ડો. બાબાસાહેબ આંબેડકર ભવન,મોટા સોનેલા ખાતે યોજાયો








। (માહિતી બ્યુરો) મહીસાગર ।

મહીસાગર જિલ્લામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ તેમજ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા સામાજિક ઉત્થાન અને રોજગાર આધારીત જન કલ્યાણ (PM SU-RAJ) પોર્ટલ લોન્ચિંગ કાર્યક્રમ ડો. બાબાસાહેબ આંબેડકર ભવન,મોટા સોનેલા ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યુ હતુ કે કેન્દ્ર અને રાજય સરકાર હંમેશા છેવાડાના માનવીની પ્રાથમિક જરૂરીયાતો સંતોષાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે પ્રયત્નશીલ રહી છે. વડાપ્રધાનશ્રીએ સ્વચ્છતા અભિયાન થકી દેશને સ્વચ્છ કરવાનું ભગીરથ કાર્ય કર્યુ છે. જેમાં સૌથી વધુ યોગદાન સફાઈ કર્મચારીઓનું રહ્યુ છે.

કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પીએમ- સુરજ રાષ્ટ્રીય પોર્ટલનું વર્ચ્યુઅલ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું અને વર્ચ્યુઅલ કાર્યક્રમને નિહાળ્યો હતો. આ કાર્યક્રમમાં માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વર્ચ્યુઅલ સંબોધન કર્યુ હતું. મહીસાગર જિલ્લા સહિત દેશના ૫૨૨ જિલ્લાઓના ૧ લાખથી વધુ SC, OBC અને સફાઈ કામદારોને ક્રેડિટ સપોર્ટ તથા સફાઈ કામદારોને આયુષ્યમાન હેલ્થકાર્ડ અને ''પીપીઈ કીટ'' વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ,લુણાવાડા ધારાસભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ, બાલાસિનોર ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ, જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી જિગ્નેશભાઈ સેવક, કાળુભાઈ માલીવાડ,પ્રોબેશનલ આઈ એ એસ શ્રી મહેક જૈન, પ્રાયોજના વહીવટદારશ્રી, પ્રાંત અધિકારીશ્રી સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### ચીનના દરેક પ્રાંતમાં ટીવી, વોશિંગ મશીન, કારની ફેક્ટરીઓ ધમધમી રહી છે

# ચીને પોતાના કારખાના ધમધમતા રાખવા માટે બીજા દેશોમાં બેરોજગારી ફેલાવી?

### યુરોપ અને અમેરિકાએ ચીનના સસ્તા માલ પર ડ્યૂટી ઝીંકવાનો નિર્ણય લીધો છે, ચીને હવે નિયંત્રણોથી બચવા માટે બીજા દેશોનો ઉપયોગ કરે છે અને ટેક્સથી બચી જાય છે





**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।** આખી દુનિયામાં તેજી હોય કે મંદી, ચીનને કોઈ ફરક નથી પડતો. આખા વિશ્વના અર્થતંત્રોમાં ગભરાટ હોય ત્યારે પણ ચીનની નિકાસ સતત વધતી જાય છે. ચીને તાજેતરમાં વિદેશમાં પોતાના માલના વેચાણમાં એટલો બધો વધારો કર્યો છે કે ચાઈનીઝ અર્થતંત્રને ફાયદો થયો છે, પરંતુ બીજા દેશોમાં રોજગારી ઘટી રહી છે. યુરોપથી લઈને એશિયા સુધીના દેશોમાં ચીન સામે નારાજગી ફેલાઈ રહી છે. ચીનના દરેક પ્રાંતમાં ટીવીથી લઈને વોશિંગ મશીન અને કારથી લઈને મોબાઈલ ફોનની ફેક્ટરીઓ ધમધમી રહી છે. ચીનના ગ્રાહકો વધતા જાય છે જેના કારણે ચીન પોતાના વર્ક ફોર્સને જોબ આપી શકે છે. પરંતુ દુનિયાના બીજા દેશોમાં જોબ ઘટી રહી છે. ચીનના કારખાના અત્યારે સોલર પેનલ, કાર, ઈલેક્ટ્રિક ગેજેટ્સ, સ્ટીલના ઉત્પાદનમાં નવા રેકોર્ડ બનાવી રહ્યા છે. બીજી તરફ દુનિયાના અન્ય દેશોની ફરિયાદ છે કે આ બધું તેમની ઈકોનોમીના ભોગે થઈ રહ્યું છે. ગયા અઠવાડિયે યુરોપિયન યુનિયને જાહેરાત કરી કે હવેથી ચીનની ઈલેક્ટ્રિક કાર પર ઈમ્પોર્ટ ડ્યૂટી નાખવામાં આવશે. યુરોપિયન યુનિયનનો આરોપ છે કે ચીન પોતાની ઈન્ડસ્ટ્રીને ગેરકાયદે રીતે સબસિડી આપે છે જેથી તેનો માલ સસ્તો પડે અને વિદેશી બજારો તૂટી જાય. યુરોપે હજુ સુધી ચાઈનીઝ કાર પર કેટલી ડ્યૂટી નાખવી તે નક્કી નથી કર્યું. પરંતુ ૭ માર્ચથી જે માલ આવશે તેના પર ચાર્જ ઉમેરવામાં આવશે. ચીનમાં હાલમાં હાઉસિંગ ક્રાઈસિસ ચાલે છે. રિયલ એસ્ટેટ સેક્ટરમાં કામ કરતા ઘણા લોકો નવરા થઈ ગયા છે. તેથી તેમને કામે લગાડવા માટે બીજી ચીજોનું ઉત્પાદન વધારવામાં આવ્યું છે અને કૃત્રિમ રીતે ભાવ નીચા રાખવામાં આવે છે. વિશ્વમાં મેન્યુફેક્ચર્ડ ગુડ્સની જે ડિમાન્ડ છે તેમાંથી ચીન ત્રીજા ભાગનું ઉત્પાદન કરે છે. સ્થિતિ એવી છે કે અમેરિકા, જર્મની, જાપાન અને સાઉથ કોરિયા સાથે મળીને જે માલ બનાવે છે તેના કરતા ચીનનું ઉત્પાદન વધુ છે. યુરોપિયન દેશોમાં બધી જગ્યાએ ચાઈનીઝ સોલર પેનલ અને વિન્ડ ટર્બાઈન્સનું વેચાણ થાય છે. ભારતમાં પણ આવી જ સ્થિતિ પેદા થઈ હોવાથી ભારતે ચાઈનીઝ સ્ટીલ પર ઈમ્પોર્ટ ડ્યૂટી નાખવાની જાહેરાત કરી છે. તુર્કીની પણ ફરિયાદ છે કે ચીન પોતાનો માલ વેચે છે પરંતુ તુર્કીનો માલ ખરીદતું નથી. અમેરિકાની પ્રેસિડન્ટની ચૂંટણીમાં આ મુદ્દો ગાજ્યો છે. પ્રેસિડન્ટ બાઈડને બે દિવસ અગાઉ કહ્યું હતું કે અમેરિકાની સૌથી આધુનિક ટેક્નોલોજી ચીનને ન મળે તે વાતની કાળજી રાખવામાં આવશે. ચીન અમારી હાઈ ટેક્નોલોજી દ્વારા એક્સપોર્ટ કરે તે સ્વીકાર્ય નથી. ચીને હવે નિયંત્રણોથી બચવા માટે બીજા રસ્તા પણ વિચારી લીધા છે. તે પોતાના કમ્પોનન્ટને વિયેતનામ, મલેશિયા અને મેક્સિકો જેવા દેશમાં વેચે છે, ત્યાં પ્રોડક્ટને એસેમ્બલ કરવામાં આવે છે અને પછી તેના પર જે તે દેશનો સિક્કો લાગી જાય છે. આ માલ પછી અમેરિકા, યુરોપના બજારમાં જાય છે અને એક્સપોર્ટ ટેરિફમાંથી બચી જાય છે.

### કોંગ્રેસે લોકસભાની ચૂંટણી માટે બીજી યાદી જાહેર કરી

# ભાજપને પછાડવા કોંગ્રેસ દલિત અને પછાત ચહેરાઓના સહારે

### ૪૩ ઉમેદવારોમાં ૧૦ જનરલ કેટેગરીના, ૧૩ ઓબીસી, ૧૦ SC, ૯ એસટી અને ૨ મુસ્લિમ ઉમેદવારો છે



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।** કોંગ્રેસ પાર્ટીએ આગામી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી. યાદીમાં કુલ ૪૩ ઉમેદવારોના નામ છે. આ યાદીની સૌથી ખાસ વાત એ છે કે તેમાં ૭૬ ટકા ઉમેદવારો દલિત અને પછાત છે. યાદીમાં સામેલ ૪૩ ઉમેદવારોમાં ૧૦ જનરલ કેટેગરીના, ૧૩ ઓબીસી, ૧૦ SC, ૯ એસટી અને ૨ મુસ્લિમ ઉમેદવારો છે. બીજી યાદી બાદ એ સ્પષ્ટ થઈ ગયું છે કે કોંગ્રેસ દલિત અને પછાત ચહેરાઓની મદદથી કેન્દ્રની ભાજપ સરકારને પડકારવાની યોજના બનાવી રહી છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ઘણી વખત દલિતો અને પછાત લોકો વિશે વાત કરી છે. ક્યાંકને ક્યાંક ઉમેદવારોની યાદીમાં પણ તે બાબત સ્પષ્ટ દેખાઈ રહી છે. પાર્ટીએ મધ્ય પ્રદેશમાં ફૂલ સિંહ બરૈયા, પંકજ અહિરવાર, ઓમકાર સિંહ મરકામ, રાજેન્દ્ર માલવિયા, રાધેશ્યામ મુવેલ, પોરલલ ખરતેને ટિકિટ આપી છે. એ જ રીતે રાજસ્થાનમાં પણ ઘણા દલિતો અને પછાત લોકોને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. પાર્ટીએ જે બે મુસ્લિમ ચહેરાઓને ટિકિટ આપી છે તેમાં આસામની કરીમગંજ સીટથી હાફિઝ રશીદ અહેમદ ચૌધરી અને ધુબરી સીટથી રકીબુલ હુસૈનને ટિકિટ મળી છે, જ્યારે એક મુસ્લિમ સાંસદની ટિકિટ કાપવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટીએ મધ્યપ્રદેશની ભીંડ સીટથી ધારાસભ્ય ફૂલ સિંહ બરૈયાને ટિકિટ આપી છે. આ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત છે. ફૂલસિંહ બરૈયાની ગણતરી મધ્ય પ્રદેશમાં મોટા દલિત નેતા તરીકે થાય છે. આવી સ્થિતિમાં કોંગ્રેસે આ બેઠક પરથી બરૈયાને ટિકિટ આપીને અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાત વર્ગના મતદારોને રીઝવવાના તમામ પ્રયાસો કર્યા છે. ગયા વર્ષે મધ્યપ્રદેશમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે બરૈયાને ભીંડથી મેદાનમાં ઉતાર્યા હતા. પાર્ટીની હાર બાદ પણ બરૈયા ભીંડ સીટ જીતવામાં સફળ રહ્યા હતા. પાર્ટીએ પૂર્વ સીએમ કમલનાથના પુત્ર નકુલ નાથને છિંદવાડા સીટથી ટિકિટ આપી છે. જ્યારે પંકજ અહિરવાર પણ મધ્યપ્રદેશના રાજકારણમાં જાણીતું નામ છે. અહિરવાર અનુસૂચિત જાતિમાંથી આવે છે. પાર્ટીએ તેમને ટીકમગઢથી મેદાનમાં ઉતાર્યા છે. ટીકમગઢમાં અનુસૂચિત જાતિના મતદારોની સારી સંખ્યા છે. પંકજ અહિરવાર, મધ્યપ્રદેશ કોંગ્રેસના અનુસૂચિત જાતિ વિભાગના પ્રદેશ ઉપાધ્યક્ષ છે. અહિરવારે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી માટે ટિકિટ માટે દાવો કર્યો હતો, પરંતુ હાઈકમાન્ડે તેમને લોકસભાની ચૂંટણી સીધી લડાવાનો નિર્ણય કર્યો છે. આ સિવાય પાર્ટીએ મંડલા સીટ પરથી ઓમકાર સિંહ મરકામને ટિકિટ આપી છે.

# ચીનની બે મોટી રિયલ એસ્ટેટ કંપનીને બચાવવા માટે ૧૨ બેંકોની મથામણ

### ચીનની બે મોટી રિયલ એસ્ટેટ કંપની એવરગ્રાન્ડ અને કન્ટ્રી ગાર્ડન તો પહેલા જ દેવાળુ ફૂંકી ચુકી છે




**। (એજન્સી) બિજિંગ, તા.૧૩ ।** ચીન પર પણ મંદીનો ખતરો તોળાઈ રહ્યો છે. ચીનની સરકાર ભલે જાહેરમાં કશુંના બોલી રહી હોય પણ દેશનુ રિયલ એસ્ટેટ સેક્ટર પરનુ સંકટ ઘેરુ બની રહ્યુ છે. ચીનની બે મોટી રિયલ એસ્ટેટ કંપની એવરગ્રાન્ડ અને કન્ટ્રી ગાર્ડન તો પહેલા જ દેવાળુ ફૂંકી ચુકી છે અને હવે વધુ એક જાયન્ટ રિયલ એસ્ટેટ કંપની ચાઈના વાક્ક પણ આ જ રસ્તા પર છે. મૂડીઝે તો તેને જંક કેટેગરીમાં નાંખી દેતુ રેટિંગ પણ આપ્યુ છે. બીજી તરફ ચીનની એક બે નહીં પણ ૧૨ મોટી બેક્ક આ કંપનીને બચાવવા માટે તનતોડ પ્રયાસો કરી રહી છે. જેમાં ૬ તો દેશની સરકારી બેક્કો છે. ચાઈના વાક્ક કંપનીને આગામી મહિનાઓમાં અબજો ડોલરનુ પેમેન્ટ કરવાનુ છે ત્યારે કંપનીને બચાવવા માટે ૧૨ બેન્કો તેને ૧૧ અબજ ડોલરની લોન આપવા માટે વાતચીત કરી રહી છે.

ચીનમાં મકાનોની માંગમાં થયેલા ભારે ઘટાડાના કારણે કંપની આર્થિક સંકડામણ અનુભવી રહી છે.કંપનીના શેરોએ આ વર્ષે રોકાણકારોને નેગેટિવ રિટર્ન આપ્યુ છે.શેરના ભાવમાં છેલ્લા ચાર મહિનામાં ૩૯ ટકાનો કડાકો બોલી ચુકયો છે. સોમવારે ફ્ચાઈના વાક્કનુ રેટિંગે પણ મૂડીઝે ઘટાડીને બીએ ૧ કરી દીધુ છે.જે સૌથી નીચેનુ રેટિંગ ગણાય છે. ૧૯૮૪માં આ કંપનીને વાંગ શી નામના સાહસિકે સ્થાપી હતી. જેઓ દેશના રિયલ એસ્ટેટ સેક્ટરના બેતાજ બાદશાહ મનાય છે.એક સમયે તેમની તુલના અમેરિકાના રાષ્ટ્રપતિ અને બિઝનેસમેન ટ્રમ્પ સાથે થતી હતી.ટ્રમ્પ પણ રિયલ એસ્ટેટ સેકટર સાથે જોડાયેલા છે. ચાઈના વાક્કમાં ચીનની સરકારી કંપની શેનઝેન મેટ્રોની પણ ૩૩ ટકા ભાગીદારી છે.

# સંયુક્ત રાષ્ટ્રએ ભારતના સીએએને મૌલિક રીતે ભેદભાવપૂર્ણ ગણાવ્યો

### સીએએ હેઠળ આવા દેશોના શિયા મુસ્લિમો જેવા મુસ્લિમ લઘુમતીઓને સ્થાન અપાયું ન હોવાનો આક્ષેપ

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૩ ।** અમેરિકાની સરકાર અને સંયુક્ત રાષ્ટ્રએ ભારતના વિવાદિત નાગરિકતા સુધારા કાયદા (સીએએ) સામે ચિંતા વ્યક્ત કરી છે. સંયુક્ત રાષ્ટ્રએ ભારતના આ કાયદાને મૌલિક રીતે ભેદભાવપૂર્ણ ગણાવ્યો છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્રની મોદી સરકારે ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ થી પહેલા પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી ભારત આવેલા બિન મુસ્લિમ શરણાર્થીઓને ઝડપથી નાગરિકતા આપવા માટે નાગરિકતા (સુધારા) કાયદો ૨૦૧૯ (સીએએ) ને સોમવારે ૧૧ માર્ચે લાગુ કર્યો હતો. હવે તેને લઈને દુનિયાભરમાંથી પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. હ્યુમન રાઈટ્સ વૉચ અને એમ્નેસ્ટી ઈન્ટરનેશનલનું કહેવું છે કે આ કાયદો મુસ્લિમો સાથે ભેદભાવ કરે છે. સીએએ હેઠળ આવા દેશોના શિયા મુસ્લિમો જેવા મુસ્લિમ લઘુમતીઓને સ્થાન આપવામાં આવ્યું નથી. હ્યુમન રાઈટ્સ વૉચે કહ્યું કે ભારતે સીએએમાંથી એવા પડોશી દેશોને પણ બાકાત રાખ્યા છે જ્યાં મુસ્લિમો લઘુમતીમાં છે. અહીં મ્યાનમારનો ઉલ્લેખ કરાયો હતો કે જ્યાં રોહિંગ્યા લઘુમતીમાં છે. સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર હાઈકમિશનરના પ્રવક્તાએ જણાવ્યું હતું. કે, “અમે ૨૦૧૯ માં જ કહ્યું હતું કે અમે ભારતના નાગરિકતા (સુધારા) કાયદો ૨૦૧૯ (સીએએ) વિશે ચિંતિત છીએ કારણ કે તે મૂળભૂત રીતે ભેદભાવ કરે છે. આંતરરાષ્ટ્રીય માનવાધિકાર જવાબદારીઓનું ઉલ્લંઘન કરે છે.” સંયુક્ત રાષ્ટ્ર એ તપાસ કરી રહ્યું છે કે શું સીએએ ના નિયમો આંતરરાષ્ટ્રીય માનવાધિકાર કાયદા સાથે સુસંગત છે. અમેરિકાએ પણ સીએએ સામે વાંધો વ્યક્ત કર્યો હતો. અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું હતું કે, “અમે ૧૧ માર્ચે જાહેર કરાયેલી નાગરિકતા (સુધારા) કાયદાની સૂચનાથી ચિંતિત છીએ.

### ક્રાઈમ બ્રાન્ચે નકલી દવાના રેકેટનો પર્દાફાશ કર્યો

# કેન્સરની નવ નકલી દવા સાથે સાત લોકોની ધરપકડ કરાઈ



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।** દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે નકલી દવાઓના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ રેકેટમાં સામેલ સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાંથી બે આરોપી દિલ્હીની એક જાણીતી કેન્સર હોસ્પિટલના કર્મચારી છે. પોલીસે આરોપીઓ પાસેથી કુલ નવ બ્રાન્ડની નકલી કેન્સરની દવાઓ જપ્ત કરી છે. તેમાંથી સાત દવાઓ વિદેશી બ્રાન્ડની છે જ્યારે બે ભારતમાં બનાવાતી નકલી દવાઓ છે. પોલીસે કહ્યું કે આરોપીઓ હોસ્પિટલમાં દર્દીઓને કીમોથેરાપીમાં અપાતા ઈન્જેક્શનની ખાલી શીશીઓ ભેગી કરતા હતા, પછી તે શીશીઓમાં એન્ટી ફંગલ દવાઓ ભરીને વેચતા હતા. આરોપીઓ એવા દર્દીઓને નિશાન બનાવતા હતા જેઓ દિલ્હી બહારથી આવતા હતા. ખાસ કરીને હરિયાણા, બિહાર, નેપાળ અથવા આફ્રિકન દેશોમાંથી આવતા દર્દીઓને નિશાન બનાવવામાં આવતા હતા. પોલીસે જે સાત આરોપીઓની ધરપકડ કરી છે. તેમની ઓળખ વિફલ જૈન, સૂરજ શત, નીરજ ચૌહાણ, પરવેઝ, કોમલ તિવારી, અભિનય કોહલી અને તુષાર ચૌહાણ તરીકે થઈ છે. જેમાંથી નીરજ ગુરુગ્રામનો રહેવાસી છે જ્યારે બાકીના છ દિલ્હીના અલગ-અલગ વિસ્તારના રહેવાસી છે. ક્રાઈમ બ્રાન્ચના સ્પેશિયલ કમિશનર શાલિની સિંહે કહ્યું કે તેમની ટીમને માહિતી મળી હતી કે દિલ્હીમાં એક ગેંગ સક્રિય છે, જે દર્દીઓને કેન્સરની નકલી દવાઓ સપ્લાય કરે છે. આ પછી આરોપીઓને પકડવા માટે એક વિશેષ ટીમ બનાવવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમે જ્યારે તપાસ આગળ ધપાવી ત્યારે તેમને ચાર અલગ-અલગ સ્થળોની માહિતી મળી હતી.

### સીએએ પર મુસ્લિમ સમાજને ગૃહમંત્રાલયની અપીલ

# ભારતીય મુસ્લિમોને સીએએ કાયદા સાથે કોઈ લેવાદેવા નથી

### સીએએ લાગુ થવાથી કોઈ ભારતીયને તેની નાગરિકતા સાબિત કરવા દસ્તાવેજ રજૂ કરવા માટે કહેવામાં નહીં આવે




**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।** સીએએ પર અનેક શંકાઓથી ઘેરાયેલા મુસ્લિમ સમાજને ગૃહ મંત્રાલયે ચિંતા ન કરવાની અપીલ કરી છે. મંગળવારે મોડી સાંજે જારી કરાયેલા એક નિવેદનમાં મંત્રાલયે કહ્યું કે મુસ્લિમોએ નાગરિકતા સંશોધન કાયદાથી ગભરાવાની જરૂર નથી. ભારતીય મુસ્લિમોને આ કાયદા સાથે કોઈ લેવાદેવા નથી. તેમને હિંદુઓ જેટલો જ અધિકાર છે. મંત્રાલયે સીએએ અંગે મુસ્લિમો અને વિદ્યાર્થીઓના એક વર્ગની આશંકાઓને દૂર કરવાનો પ્રયાસ કરતા સ્પષ્ટ કર્યું કે સીએએ કાયદો લાગુ થવાથી કોઈપણ ભારતીયને તેની નાગરિકતા સાબિત કરવા માટે કોઈ દસ્તાવેજ રજૂ કરવા માટે કહેવામાં નહીં આવશે. ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે સીએએમાં કોઈપણ ભારતીયની નાગરિકતાને પ્રભાવિત કરે તેવી કોઈ જોગવાઈ નથી. તેમાં ભારતમાં રહેતા ૧૮ કરોડ ભારતીય મુસ્લિમો સાથે આ કાયદાને કોઈ લેવાદેવા નથી જેમની પાસે હિંદુ ભારતીય નાગરિકો સમાન જ અધિકારો છે. સીએએ કાયદામાં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના બિન-મુસ્લિમ શરણાર્થીઓ માટે જોગવાઈઓ છે જેઓ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પહેલા ભારતમાં આવ્યા છે અને અહીં ગેરકાયદેસર શરણાર્થીઓ અહીં રહી રહ્યા છે. ગૃહ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું છે કે ત્રણ મુસ્લિમ દેશોમાં લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારને કારણે સમગ્ર વિશ્વમાં ઈસ્લામની છબી ખરાબ રીતે કલંકિત થઈ છે. જો કે ઈસ્લામ એક શાંતિપ્રિય ધર્મ હોવાના કારણે ક્યારેય ધાર્મિક આધાર પર ઘૃણા, હિંસા, ઉત્પીડનને પ્રોત્સાહન નથી આપતો. આ કાયદો અત્યાચારના નામ પર ઈસ્લામની છબીને કલંકિત થવાથી બચાવે છે. આ કાયદાને જરૂરી ગણાવતા મંત્રાલયે કહ્યું કે તેમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે પ્રવાસીઓને આ દેશોમાં પાછા મોકલવા માટે કોઈ કરાર નથી. આ નાગરિકતા કાયદો ગેરકાયદેસર શરણાર્થીઓના દેશનિકાલ સાથે સંબંધિત નથી. તેથી મુસ્લિમો અને વિદ્યાર્થીઓ સહિત લોકોના એક વર્ગની ચિંતા અયોગ્ય છે કે સીએએ મુસ્લિમ લઘુમતીઓ વિરુદ્ધ છે. મંત્રાલયે એ પણ સ્પષ્ટ કર્યું કે નાગરિકતા અધિનિયમની કલમ ૬ જે પ્રાકૃતિક આધાર પર નાગરિકતા સાથે સબંધિત છે તે હેઠળ વિશ્વમાં ક્યાંયથી પણ મુસ્લિમો માટે ભારતીય નાગરિકતા મેળવવા પર કોઈ રોક નથી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અન્ય ધર્મોના ભારતીય નાગરિકોની જેમ ભારતીય મુસ્લિમો માટે આઝાદી બાદથી તેમના અધિકારોની સ્વતંત્રતા અને તકમાં ઘટાડો કર્યા વિના સીએએને ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ અથવા તે પહેલાં ભારતમાં આવેલા લોકોના અત્યાચારની પીડાને ઘટાડવા અથવા તેમના પ્રત્યે ઉદાર વર્તન દેખાડવાના ઉદ્દેશ્યથી નાગરિકતા માટે અરજી કરવાની પાત્રતાનો સમયગાળો ૧૧ થી ઘટાડીને પાંચ વર્ષ કરી દેવામાં આવ્યો છે. મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે નાગરિકતા પ્રણાલીમાં જરૂરી ફેરફારો લાવવા અને ગેરકાયદેસર શરણાર્થીઓને નિયંત્રિત કરવા માટે આ કાયદો જરૂરી હતો. મંત્રાલયે એ પણ સ્પષ્ટ કર્યું કે કાયદો એવા કોઈપણ મુસ્લિમને હાલના કાયદા હેઠળ ભારતીય નાગરિકતા માટે અરજી કરતા રોકતો નથી, જેમણે એ ત્રણ ઈસ્લામિક દેશોમાં પોતાના ઈસ્લામના નિયમોનું પાલન કરવા માટે ઉત્પીડનનો સામનો કરવો પડ્યો હોય.

### પેટીએમની મુશ્કેલી વધતી જાય છે

# ૧૫ માર્ચ બાદ પેટીએમની અનેક સેવાઓ બંધ થઈ જશે




**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।** પેટીએમની મુશ્કેલી વધતી જ જઈ રહી છે. આરબીઆઈના પ્રતિબંધ બાદ પેટીએમના પેમેન્ટ્સ બેંકની ડેડલાઈન હવે બે દિવસમાં સમાપ્ત થઈ જશે. ભારતીય રિઝર્વ બેંકે પેટીએમ પેમેન્ટ બેંકની સેવા માટે ૧૫ માર્ચની સમયમર્યાદા નક્કી કરી હતી જે ૧૫ માર્ચ બાદ સંપૂર્ણપણે બંધ થઈ જશે. આરબીઆઈના નિર્દેશો પ્રમાણે પેટીએમ પેમેન્ટ્સ બેંક પર ૧૫ માર્ચ ૨૦૨૪ બાદ કોઈ પણ ટ્રાન્જેક્શન એક્સેપ્ટ કરવામાં નહીં આવશે. આ સ્થિતિમાં બેંકે ગ્રાહકોને સલાહ આપી છે કે તેઓ પેટીએમ પેમેન્ટ બેંકમાં હાજર રકમ કોઈપણ અન્ય બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દે. પેટીએમ પેમેન્ટ પર પ્રતિબંધ બાદ ઘણાં લોકો મૂંઝવણમાં છે કે કઈ સેવાઓ ચાલુ રહેશે અને કઈ સેવા બંધ થઈ જશે. જો કે કેટલીક સેવાઓ આ પછી પણ ચાલુ રહેશે. જેમ કે મની વિથડ્રોલ, રિફંડ અને કેશ બેક, યુપીઆઈ દ્વારા પૈસા ઉપાડવા, ઓટીટી પેમેન્ટ. ચાલો તમને વિગતવાર જણાવીએ કે કઈ સેવા કામ કરશે નહીં અને કઈ કામ કરશે. આ સેવા બંધ થઈ જશે. ૧૫ માર્ચ બાદ યુઝર્સ પેટીએમ પેમેન્ટ્સ બેંકમાંથી તેમના એકાઉન્ટ, ફાસ્ટેગ અથવા વૉલેટને ટોપ-અપ નહીં કરાવી શકશે. આ સેવા ૧૫ માર્ચ બાદ બંધ થઈ જશે. ૧૫ માર્ચ બાદ યુઝર્સ પેટીએમ પેમેન્ટ્સ બેંક પર કોઈ પ્રકારની કોઈ પેમેન્ટ મેળવી નહીં શકશે. જો યુઝરને સેલેરી અથવા કોઈ બીજો મની બેનિફિટ પેટીએમ પેમેન્ટ્સ બેંક પર મળી રહ્યો છે તો તેમને ૧૫ માર્ચ બાદ આ લાભ નહીં મળશે. ૧૫ માર્ચ બાદ પેટીએમ ફાસ્ટેગમાં રહેલા બેલેન્સને બીજા ફાસ્ટેગમાં ટ્રાન્સફર નહીં કરી શકાશે.

## તંત્રી લેખ...

# ભારતની સ્વદેશી બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ-૫થી ચીન દંગ રહી ગયું

ભારતની સ્વદેશી બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ-૫ના સફળ પરીક્ષણથી ચીન સ્તબ્ધ થઈ ગયું છે. ડ્રેગન આને ભારતની મોટી ઉપલબ્ધિ માની રહ્યો છે, પરંતુ સાથે જ તે એ પણ કહી રહ્યો છે કે તે કોઈ દેશ કે તેના હથિયારોથી ડરતો નથી. ચીનની નારાજગીનો અંદાજ તેના તાજેતરના નિવેદન પરથી લગાવી શકાય છે, જેમાં અરુણાચલ પ્રદેશને લઈને પણ વાહિયાત વાતો કહેવામાં આવી રહી છે. ભારતે સોમવારે અગ્નિ-૫ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું અને ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM) ધરાવતા અગ્રણી દેશોમાં પોતાનો સમાવેશ કર્યો. આ મિસાઈલ મલ્ટીપલ ઈન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેબલ રી-એન્ટ્રી વ્હીકલ (MIRV) ટેકનોલોજીથી સજ્જ છે. દેશની આ સિદ્ધિને પશ્ચિમી મીડિયાએ ચીન અને પાકિસ્તાન માટે ચેતવણી ગણાવી છે. ચીન આ વાત પચાવી શકતું નથી. ગ્લોબલ ટાઈમ્સમાં પ્રકાશિત થયેલા માં કહેવામાં આવ્યું છે કે ભારતે અગ્નિ-૫ મિસાઈલનું પરીક્ષણ કર્યું છે, જેની રેન્જ ૫ હજાર કિમી સુધી છે. ચીનના નિષ્ણાતોએ તેને આક્રમક ગણાવ્યું છે. તેમાં એવું પણ લખવામાં આવ્યું છે કે અગ્નિ-૫નું સફળ પરીક્ષણ સૂચવે છે કે ભારતે લાંબા અંતરના શસ્ત્રોના ક્ષેત્રમાં નવી સિદ્ધિ હાંસલ કરી છે. સિંઘુઆ યુનિવર્સિટીમાં નેશનલ સ્ટ્રેટેજી ઈન્સ્ટિટ્યૂટના રિસર્ચ ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર કિઆન ફેંગે કહ્યું કે પશ્ચિમી મીડિયા ચીનને ભારતનો કાલ્પનિક દુશ્મન માને છે. એટલા માટે ભારતનો ઉદ્દેશ્ય ચીન પર મિસાઈલ કવરેજ હોવાનું કહેવાય છે. ચીનના નિષ્ણાતોનું કહેવું છે કે ચીન પોતાના મુદ્દા પર અડીખમ છે કે તે દેશના સંરક્ષણ અને સાર્વભૌમત્વ માટે વ્યૂહાત્મક શસ્ત્રો સહિત સૈન્ય ટેકનોલોજી વિકસાવે છે. ભારત કે અન્ય કોઈ દેશ સાથે શસ્ત્ર સ્પર્ધામાં સામેલ થવાનો તેનો કોઈ ઈરાદો નથી. કિઆન ફેંગે કહ્યું કે અલબત્ત અમે હથિયારોની રેસમાં સામેલ નથી, પરંતુ અમે કોઈપણ દેશના હથિયારો કે તેના કહેવાતા સૈન્ય દબાણથી ડરતા નથી. પીએમ મોદીની તાજેતરની અરુણાચલ મુલાકાતથી ચીન પણ નારાજ છે. ગયા અઠવાડિયે પીએમની મુલાકાત બાદ ચીને વાંધો વ્યક્ત કર્યો હતો, નવી દિલ્હીએ ચીનના આ તમામ વાંધાઓને ફગાવી દીધા હતા. સોમવારે અગ્નિ-૫ મિસાઈલના પરીક્ષણ બાદ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને ઝંગનાનને ચીનનો વિસ્તાર ગણાવ્યો હતો.

# હિંમતનગર ખાતે વડાપ્રધાનશ્રીનો વર્ચ્યુઅલ કાર્યક્રમ મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારની ઉપસ્થિતિમાં યોજાયો

### “નમસ્તે યોજના” સફાઈ કર્મચારીઓ માટે સલામતી અને ગૌરવ પ્રદાન કરનારી યોજના છે : મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર





સાબરકાંઠા જિલ્લામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ તેમજ અન્ન નાગરિક પુરવઠા (રાજ્યકક્ષા) મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારની ઉપસ્થિતિમાં ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા સામાજિક ઉત્થાન અને રોજગાર આધારીત જન કલ્યાણ (PM SU-RAJ) પોર્ટલ લોન્ચિંગ કાર્યક્રમ ડૉ.નલિનકાન્ત ગાંધી ટાઉન હોલ, હિંમતનગર ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં રાજ્યકક્ષા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારે જણાવ્યુ હતુ કે કેન્દ્ર અને રાજય સરકાર હંમેશા છેવાડાના માનવીની પ્રાથમિક જરૂરીયાતો સંતોષાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે પ્રયત્નશીલ રહી છે. વડાપ્રધાનશ્રીએ સ્વચ્છતા અભિયાન થકી દેશને સ્વચ્છ કરવાનું ભગીરથ કાર્ય કર્યુ છે. જેમાં સૌથી વધુ યોગદાન સફાઈ કર્મચારીઓનું રહ્યુ છે. “નમસ્તે યોજના” સફાઈ કર્મચારીઓ માટે હિતકારી છે.

વધુમાં તેઓએ ઉમેળ્યુ હતુ કે જિલ્લામાં કુલ ૮૨ સફાઈ કામદાર લાભાર્થીઓને છ્યાશી લાખ ચોત્રીસ હજારથી વધુ લોન ધીરાણ અપાયુ છે. ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના હેઠળ ૧૯૬ લાભાર્થીઓને રૂ.બે કરોડ પાંત્રીસ લાખથી વધુની સહાય અપાઈ છે. જીલ્લામાં વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૨૪૭૧ સફાઈ કામદાર લાભાર્થીઓને ૨૪૬૪.૭૧ લાખની લોન સહાય ચૂકવાઈ છે.

કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પીએમ-સુરજ રાષ્ટ્રીય પોર્ટલનું વર્ચ્યુઅલ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું અને વર્ચ્યુઅલ કાર્યક્રમને નિહાળ્યો હતો.

આ કાર્યક્રમમાં માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વર્ચ્યુઅલ સંબોધન કર્યું હતું.

સાબરકાંઠા જિલ્લા સહિત દેશના ૫૨૨ જિલ્લાઓના ૧ લાખથી વધુ જીઝ,ં મ્ઝ અને સફાઈ કામદારોને ક્રેડિટ સપોર્ટ તથા “નમસ્તે” યોજના અંતર્ગત સફાઈ કામદારોને આયુષ્યમાન હેલ્થકાર્ડ અને “પીપીઈ કીટ” વિતરણ કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, હિંમતનગર ધારાસભ્યશ્રી વી.ડી ઝાલા, નગરપાલિકા પ્રમુખશ્રી વિમલકુમાર ઉપાધ્યાય, તાલુકા પંચાયત પ્રમુખશ્રી ભુમિકાબેન પટેલ, સાબરડેરી પૂર્વ ચેરમેનશ્રી જેઠાભાઈ,કલેક્ટરશ્રી નૈમેષ દવે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

---

### તત્વજ્ઞાનની વાત મોઢેથી થાય, પણ જ્યારે પોતાની પર વીતે ત્યારે એવું જ્ઞાન અમલમાં મૂકવું બહુ અઘરું છે

# ચિત્ત તું શીદને ચિંતા ધરે એ પ્રાર્થના થકી કર્મનું પરિણામ શું આવશે? એની ચિંતા છોડી નિશ્ચિત થઈએ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**જીવ હોવાથી દુઃખ અને સુખ બંનેના ભાવ આપણી સાથે સતત જોડાયેલા રહે છે, અને એટલે જ નરસિંહ એ ગાયું છે, સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયા, ટાળ્યા તે કોઈ ના નવ ટળે, રઘુનાથના જડીયા..**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણી સાથે કે આપણી આસપાસના જગતમાં જે કંઈ ઘટના ઘટે એની આપણા માનસ પર બહુ ગહેરી અસર થતી હોય છે, અને એમાં પણ જ્યારે આપણે અન્યનું વિચારનારા હોઈએ, અને છતાં આપણી માટે કોઈ કંઈ ન વિચારે તો બહુ દુઃખ થાય. જીવ હોવાથી દુઃખ અને સુખ બંનેના ભાવ આપણી સાથે સતત જોડાયેલા રહે છે, અને એટલે જ નરસિંહ એ ગાયું છે, સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયા, ટાળ્યા તે કોઈના નવ ટળે, રઘુનાથના જડીયા.. પરંતુ એવાં તત્વજ્ઞાનની વાત મોઢેથી થાય, પણ જ્યારે પોતાની પર વીતે ત્યારે એવું જ્ઞાન અમલમાં મૂકવું બહુ અઘરું છે. માનવીય આ માનસિકતા ને ધ્યાનમાં રાખીને કહી શકાય કે વ્યક્તિગત, પારિવારિક, કે સામાજિક પ્રશ્નને લઈને ચિંતા કરવી એ માનવીય સ્વભાવ છે, અને એટલે ઘણીવાર એવો પણ વિચાર આવે કે, આ બધી ઉપાધિથી પરે થઈ જવાતું હોય તો કેવું સારું! આમ પણ શ્રીમદ ભાગવતમાં સ્વયંમ યોગેશ્વર શ્રી કૃષ્ણ એ કહ્યું છે કે, મારી ઈચ્છા વગર વૃક્ષનું એક પાંદડું પણ હાલતું નથી! છતાં આપણે કીડીની જેમ આપણાં ખંભે જગત ભરનો ભાર ઉપાડીને ફરતા હોઈએ, એમ આવી બધી ચિંતાઓનો ભાર લઈને ફરતા હોઈએ છીએ! એટલે કહેવાનું તાત્પર્ય એ નથી કે આપણે કંઈ કરવું નહીં, પરંતુ કર્મ કર્યા પછી એનું પરિણામ આવે છે કે નહીં, એની ચિંતા માંથી મુક્ત રહેવું જોઈએ! જે આપણે રહી શકતા નથી, અને ત્યારે આપણને દયાનંદની એ પ્રાર્થનાનો સહારો સાપડી જાય તો જીવનના મોટાભાગની ચિંતાઓ દૂર થઈ જાય.

**ચિત્ત તું શીદને ચિંતા ધરે**
**ચિત્ત તું શીદને ચિંતા ધરે ?**
**કૃષ્ણને કરવું હોય તે કરે !**
**સ્થાવર જંગમ જડ ચેતનમાં**
**માયાનું બળ ઠરે;**
**સ્મરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું,**
**જન્મ મરણ ભય હરે**
**કૃષ્ણને કરવું હોય તે કરે !**
**નવ માસ પ્રાણી શ્રીકૃષ્ણનું,**
**ધ્યાન ગર્ભમાં ધરે;**
**માયાનું આવરણ કર્યું**
**ત્યારે, લખ ચોરાશી ફરે**
**કૃષ્ણને કરવું હોય તે કરે !**
**તું અંતર ઉદ્વેગ ધરે, તેથી**
**કારજ શું સરે ?**
**ધણીનો ધાર્યો મનસૂબો,**
**હર બ્રહ્માથી નવ ફરે**
**કૃષ્ણને કરવું હોય તે કરે !**
**દોરી સર્વની એના હાથમાં,**
**ભરાવ્યું ડગલું ભરે;**
**જેવો જંત્ર બજાવે જંત્રી તેવો**
**સ્વર નીસરે**
**કૃષ્ણને કરવું હોય તે કરે !**
**થનાર વસ્તુ થયા કરે,**
**જ્યમ શ્રીફળ પાણી ભરે;**
**જનાર વસ્તુ એણી પેરે**
**જાશે, જ્યમ ગજ કોળું**
**ગળે**
**કૃષ્ણને કરવું હોય તે કરે !**
**જેનું જેટલું જે જ્યમ કાળે,**
**તે તેને કર ઠરે;**
**એમાં ફેર પડે નહીં કોઈથી,**
**શીદ કુંટાઈ તું મરે**
**કૃષ્ણને કરવું હોય તે કરે !**
**તારું ધાર્યું થાતું હોય તો,**
**સુખ સંચે દુઃખ હરે;**
**આપ તણું અજ્ઞાનપણુ એ,**
**મૂળ વિચારે ખરે**
**કૃષ્ણને કરવું હોય તે કરે !**
**થાવાનું અણચિંતવ્યું થાશે,**
**ઉપનિષદ ઓચરે;**
**રાખ ભરોસો રાધાવરનો,**
**દયા શીદને ડરે ?**
**કૃષ્ણને કરવું હોય તે કરે !**

આ પ્રાર્થના નાં એક એક શબ્દો કવિની બુદ્ધિ કક્ષાની ઊંચાઈ દર્શાવે છે, એટલે કે સ્થિત પ્રજ્ઞતા બતાવે છે. પણ આમ જુઓ તો એમણે કંઈ એવું નવું કહ્યું નથી, અને જે આપણે સૌ જાણીએ છીએ, કે આપણું કીધું અહીં કંઈ થતું નથી. કળિયુગ છે, જેને નવ મહિના ગર્ભમાં ધારણ કર્યા હોય એ પંડનાં સંતાનો પણ ઘણીવાર આપણું કહ્યું માનતા નથી તો અન્યની અપેક્ષા તો શું કરવી? પણ આવું થાય ત્યારે કવિના શબ્દો ચિત્તતું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે!: એ જ્ઞાન સમયે યાદ આવી જાય તો બેડો પાર થઈ જાય! કારણ કે કવિ લખે છે તેમ જડચેતનની સમગ્ર સૃષ્ટિમાં એણે માયાનું એવું બાળ મૂક્યું છે જે, આપણને સતત એનામાં ઓતપ્રોત રાખે છે, અને આપણાથી આ જ્ઞાન દૂર જાય છે. જેટલાં મોહ માયા અને મમતા ના બંધનમાં ફસાયા, એટલે સઘળું જ્ઞાન લુપ્ત થઈ જાય છે. આપણે કંઈ જ કરી શકવાના નથી આપણે તો માત્ર શ્રીકૃષ્ણનું સ્મરણ કરવાનું છે અને આપણો તારણહાર એ જ છે. આગળની પંક્તિમાં કવિ લખે છે કે જે જીવે ૯, ૯ મહિના સુધી માતાના ગર્ભમાં શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું હતું, તે જન્મ થતાં જ માયા ના આવરણમાં લપેટાઈ જાય છે, અને લખ ચોરાસીના જન્મ મૃત્યુના બંધનમાં બંધાઈ જાય છે. તારા અંતરમાં કેટલો ઉદ્વેગ હોય કે આવું થવું જોઈએ, કે આવું ન થવું જોઈએ, એનાથી શું થાય, જ્યાં એ સુધી હરિનાં મનસુબામાં હર એટલે કે શંકર અને બ્રહ્માથી પણ ફરતો નથી. તો આગળની પંક્તિમાં કવિ લખે છે કે, આપણે તો કઠપૂતળીની જેમ એ નચાવે તેમ નાચવાનું છે. કારણકે આપણી દોરી એને હાથ છે અને એ જે કહે એવો સુખ દુઃખનો સૂર નીકળે છે. પ્રકૃતિ તરફ નજર નાખતા કવિ કહે છે કે થનાર વસ્તુ તો આમ પણ એની મેળે જ થતી રહે છે, જેમકે શ્રીફળમાં કોણ પાણી ભરવા ગયું? અને જે જનાર છે એ એની તરફ જશે જેમ કે હાથી આખેઆખું કોળું ગળી જતો હોય છે, એમ કાળ આવે ત્યારે આપણે પણ એના મુખમાં જવાનું જ છે, એ નિશ્ચિત છે. આયુષ્યની વાત કરતા કવિ કહે છે કે જેનો જેટલો જમ કાળ એટલે કે મૃત્યુની અવધી લખાઈ હશે એટલું એનું પ્રારબ્ધ એ ભોગવે!: એમાં આપણાથી કોઈ ફેર પડવાનો નથી. પછી તું એના મૃત્યુ વખતે તું શું કામ કૂંટાઈ મરે છે! અથવા તો દુઃખી થાય છે કે, પછી એને જીવાડવાનાં ફાંફા મારે છે. કવિ કહે છે કે તારું ધાર્યું થતું હોય તો તું કાયમ સુખનું સિંચન કરે, અને દુઃખ હરે! એટલે કે દુઃખ લઈ લ્યો એમ કહે! આ બધું જ તારું અજ્ઞાન છે, એ મૂળ વિચાર જ્યારે મનમાં આવે અને અજ્ઞાન ખરી જાય! તો કંઈક થાય. થાવાનું હશે તે ઓચિંતા નું થશે! રાધાવર એટલે કે કૃષ્ણનો ભરોસો રાખ, દયા તુ શીદને ડરે! કૃષ્ણને કરવું હોય તે કરે! બસ આ ભાવ એટલે કે સર્વ સમર્થ શ્રીકૃષ્ણ જે કંઈ કરી રહ્યો છે તે આપણાં શુભનું વિચારીને જ કરી રહ્યો છે એ ભરોસો કવિ આપણને આ પ્રાર્થનાના માધ્યમથી બંધાવે છે. સંસારી મનુષ્યની આમ પણ ઘણી બધી મર્યાદા હોય છે, એટલે કે તેને વ્યક્તિગત, પારિવારિક, અને સામાજિક કર્તવ્યો કે વ્યવહારો નિભાવવાના હોય છે, અને એ દરેકમાં એણે ધાર્યા મુજબ થતું નથી ત્યારે એ, જાણ્યે અજાણ્યે આશા નિરાશાના એક ચક્રવ્યુમાં ફસાઈ જાય છે, અને એનો ઈશ્વર પરથી વિશ્વાસ ઓછો થતો જાય છે, અને લગભગ દરેકના જીવનમાં આવી ઘડીયો વધતા ઓછા અંશે આવતી જ હોય છે ત્યારે જો કવિની આ રચનાનાં ભાવને આપણે આત્મસાત કરી શકીએ તો નિરાશાના અંધકારમાં ફરી પાછા આશાનાં ઉદય કિરણના અજવાળા પથરાય છે, અને જીવ અંતરથી પોકારે છે ચિત્તતું શીદને ચિંતા કરે! કૃષ્ણ ને કરવું હોય તે કરે! આપણે સૌ પણ આપણું કર્તવ્ય કર્મ પરિણામનું વિચાર્યા વગર એના હાથે સોંપી અને જીવન જીવી શકીએ,એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

### મન, બુદ્ધિ, ચિત અહંકાર ચારેયને શુદ્ધ કરો, એ ચારેયને શુદ્ધ કર્યા વગર પરમાત્માનાં દર્શન થતાં નથી

# સાંયકાળે મન બુદ્ધિનાં બળ ઓછાં હોય છે, ત્યારે કામ મન બુદ્ધિમાં પ્રવેશ કરે છે, માટે સંધ્યા કાળે પ્રભુના નામનો જપ કરો



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**કોઈ વિષય નો નિર્ણય કરે ત્યારે તેને બુદ્ધિ કહે છે, શ્રીકૃષ્ણનું ચિંતન કરે તેને ચિત કહે છે અને અંતઃકરણ માં ક્રિયાનું અભિમાન જાગે ત્યારે તેને અહંકાર કહે છે**

પરમાત્માને માયાનો સ્પર્શ થયો એટલે સંકલ્પ થયો, હું એકનો અનેક થાઉં, પુરુષમાંથી પ્રકૃતિ, પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ, મહત્તત્ત્વ માંથી અહંકાર. અહંકારના ચાર પ્રકાર છે. પંચતન્માત્રાથી પાંચ મહા ભૂતોની ઉત્પત્તિ થઈ પણએ તત્ત્વો ક્રિયા કરી શકતાં નથી એટલે ઈશ્વરે એક-એક વસ્તુમાં પ્રવેશ કર્યો. ઉપનિષદ્માં કહ્યું છે, એક-એક વસ્તુમાં પ્રભુએ પ્રવેશ કર્યો છે એટલે જગત પરમાત્માનું મંગલ મય સ્વરૂપ છે. ભગવાનની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું. તેમાંથી બ્રહ્મા પ્રગટ્યા. બ્રહ્માજીએ કમળનું મુપ શોધવા પ્રયત્ન કર્યો.ત્યાં ચતુર્ભુજનારાયણનાં દર્શન થયાં. સંતતિ અને સંપત્તિએ ભાગવત કૃપાનું ફળ નથી, તે તો પ્રારબ્ધનું ફળ છે. ભગવાન જેના ઉપર કૃપા કરે છે તેનું મન શુદ્ધ થાય છે. મનશદ્ધિ વગર ઈશ્વર દર્શન થતું નથી. ઈશ્વરદર્શન વિના જીવન સફળ થતું નથી. પછી બ્રહ્માજીએ સૃષ્ટિ નિર્માણ કરી. પ્રથમ સ્વયંભુ મનુ અને શતરૂપા રાણી થયાં.તે વખતે ધરતી રસા તળમાં ડૂબી ગઈ હતી. બ્રહ્માએ વિચાર્યું કે પ્રજાનું નિર્માણ કરીશ, પણ પ્રજાને રાખીશ ક્યાં? ત્યાં નાસિકામાંથી વરાહ ભગવાન પ્રગટ થયા. વરાહ ભગવાન પૃથ્વી બહાર કાઢે છે. રસ્તામાં હિરણ્યાક્ષ મળ્યો,તેને માર્યો અને પૃથ્વીનું રાજ્ય મનુ મહારાજને અર્પણ કરી ભગવાન સ્વધામમાં પધાર્યા. વિદુરજીએ કહ્યું, આપે બહુ સંક્ષેપમાં કથા સંભળાવી. હવે આ કથાનું રહસ્ય કહો. આ હિરણ્યાક્ષ કોણ હતો? ધરતી રસાતળમાં કેમ ડૂબી હતી?વરાહ નારાયણનું ચરિત્ર મને સંભળાવો. મૈત્રેયજી વિદુરજી અને શુકદેવજી પરીક્ષિતને આ કથા સંભળાવે છે. કશ્યપઋષિનાં ધર્મપત્ની દિતિ એક દિવસ સાયંકાળે શણગાર સજી કશ્યપઋષિ પાસે આવ્યાં. કશ્યપ કહે છે, દેવી, આ સાયંકાળનો સમય છે. મન સંયમમાં રાખો. શાસ્ત્રમાં કહ્યું છે કે, સૌભાગ્યવતી સ્ત્રીમાં લક્ષ્મીનો અંશ છે, સાયં કાળે લક્ષ્મી નારાયણ ઘરે આવે છે. તે વખતે ઘર બંધ હશે તો લક્ષ્મીજી પણ જય શ્રીકૃષ્ણ કહીને ચાલ્યા જશે. સુધરેલા લોકો સાયંકાળે ઘરને તાળું મારી નીકળી પડે છે. ફરવા જવું હોય તો જજો પણ સૂર્ય અસ્તમાં આવે ત્યારે ઘરે પાછા આવી જજો.સ્ત્રીઓએ સાંજ પડે ત્યારે ઘરબહાર ભટકવા જવું ન જોઈએ. સંધ્યા સમયે તુલસીની પૂજા કરો. તુલસી ક્યારે દીવો કરો ભગવાનની આગળ ધૂપ-દીપ કરો. મનુષ્યના હૈયામાં અંધારું છે ત્યાં પ્રકાશ કરવાનો છે. ગોપીઓ યશોદાજીને ફરિયાદ કરે છે.યશપાલસિંહ ટી. વાઘેલા દરબાર ગઢ થરા કનૈયો અમારું માખણ ખાઈ જાય છે. યશોદા કહે, તમે અંધારામાં માખણ રાખો તો કનૈયો દેખે નહીં. ગોપીઓ કહે, અમે અંધારામાં માખણ રાખ્યું હતું,પણ કનૈયો આવે તો અજવાળું થાય છે.ઈશ્વર પરપ્રકાશ નથી,તે સ્વયં પ્રકાશ છે.પરમાત્માને દીવાની જરૂર નથી. દીવાની જરૂર મનુષ્યને છે. સાયંકાળે સૂર્ય-ચંદ્રના તેજ દુર્બળ બને છે. સૂર્ય બુદ્ધિના માલિક અને ચંદ્ર મનના માલિક છે. મન બુદ્ધિના માલિક દુર્બળ હોય છે એટલે સાંયકાળે મન બુદ્ધિનાં બળ ઓછાં હોય છે, ત્યારે કામ મન બુદ્ધિમાં પ્રવેશ કરે છે. માટે સંધ્યા કાળે પ્રભુના નામનો જપ કરો. કશ્યપઋષિ દિતિને સમજાવે છે. આ શરીર ભસ્મ જેવું છે,તેની ભસ્મ બનવાની છે, એટલે શિવજી ભસ્મ ધારણ કરે છે,જગતને વૈરાગ્યનો બોધ કરે છે. આ શરીર એક દિવસ સ્મશાનમાં.જવાનું છે તે હંમેશ યાદ રાખો. ગૃહસ્થાશ્રમ વિલાસ માટે નથી, વૈરાગ્ય માટે છે. નિયમ અને કામ નો વિનાશ કરવો તે ગૃહસ્થાશ્રમ છે. કામ એવો દુષ્ટ છે કે, એકવાર હૃદયમાં પ્રવેશ કર્યા પછી તે નીકળતો નથી. કામ એક વખત અંદર પ્રવેશ કરી જાય પછી તમારું ડહાપણ ચાલશે નહીં. માટે જીવન એવું સાદું પવિત્ર ગાળો કે કામને મન-બુદ્ધિમાં પ્રવેશ કરવાનો અવસર જ ન મળે. એક વાર ઘુવડોની સભા ભરાઈ. સભાએ સર્વાનુમતે ઠરાવ કર્યો કે, સૂર્યનારાયણ છે જ નહીં કારણ તે અમને દેખાતા નથી. ઘુવડને સૂર્ય ન દેખાય એટલે શું સૂર્ય નથી? ધર્મને ન માનનાર, ઈશ્વરને ન માનનાર ઘુવડના મોટાભાઈ કહેવાય. દિતિને કશ્યપે કહ્યું,તમારા પેટે બે રાક્ષસો જન્મશે. પતિ-પત્ની સંયમ ન રાખે તો તેને ત્યાં પાપી પ્રજા ઉત્પન્ન થાય છે. પવિત્ર દિવસ જેવા કે દરેક પક્ષની બીજ, પાંચમ, આઠમ, એકાદશી, ચૌદસ, પૂર્ણિમા અને અમાવાસ્યા તેમજ પર્વના દિવસોએ બ્રહ્મચર્ય અવશ્ય પાળો. લોકો કહે છે કે કાળ બગડયો છે એટલે પાપી પ્રજા ઉત્પન્ન થાય છે. કાળ થોડો બગડયો છે, પણ કાળજું વિશેષ બગડયું છે. મનુષ્ય જો કેવળ આ શરીરનો વિચાર કરે તો શરીરસુખ તરફ ધિક્કાર છૂટે અને વૈરાગ્ય આવે. આ શરીર કેવું છે? એમાં આડાંઅવળાં હાડકાં ગોઠવી દીધેલાં છે. તેના ઉપર માંસના લોચા અને ઉપર ચામડી મઢી દીધેલી છે. એટલે અંદરનો મસાલો દેખાતો નથી. રસ્તામાં હાડકાંનો ટુકડો પડયો હોય તો કોઈ તેને અડકતું નથી, પણ આ દેહમાં રહેલાં હાડકાં સાથે આપણે પ્રેમ કરીએ છીએ. આના જેવી મૂર્ખતા બીજી કઈ હોઈ શકે? ભાગવતમાં તો એક જગ્યાએ કહ્યું છે,આ શરીર એ શિયાળ-કૂતરાનું ભોજન છે. અગ્નિસંસ્કારન થાય તોશિયાળ કૂતરા તેને ખાય છે એવા શરીર ઉપરનો મોહ છોડો. મારા પેટે રાક્ષસો અવતરશે તેમ જાણી દિતિ ગભરાઈ.પછી કશ્યપ કહે છે પરંતુ તેને મારવા નારાયણ ભગવાન આવશે અને તારા પુત્રનો પુત્ર મહાન ભાગવત્ ભક્ત થશે, મહાન વૈષ્ણવ થશે, તે પ્રહલાદના નામથી પ્રખ્યાત થશે. એકલા ઠાકોરજીની સેવા-સ્મરણ કરે તે સાધારણ વૈષ્ણવ,પરંતુજેના સંગથી બીજાને ઈશ્વરસેવા-સ્મરણ કરવાની ઈચ્છા થાય એ મહાન વૈષ્ણવ. મહાપ્રભુ વલ્લભા ચાર્યજીને ભક્તોએ એકવારપૂછ્યું કે,અમને વૈષ્ણવોનું લક્ષણ કહો. મહાપ્રભુ જીએ કહ્યું કે,ઠાકોરજીની સેવા-સ્મરણ કરે તે વૈષ્ણવ. ભક્તોએ કહ્યું,તેતો અમે જાણીએ છીએ. અમને કાંઈક બીજું વિશેષ લક્ષણ કહો. મહા પ્રભુજીએ કહ્યું કે,જેના સંગમાં આવેલાને ઠાકોર જીની સેવામાં પ્રેમ થાય,જેના સંગમાં આવેલાને શ્રી કૃષ્ણ ભક્તિનો રંગ લાગેએ મહાન વૈષ્ણવ. પ્રહલાદ એવો મહાન વૈષ્ણવ છે. પ્રહલાદના સંગમાં આવેલાને ભક્તિનો રંગ લાગતો.તમારા સંગમાં આવેલાને ભક્તિનો રંગ ન લાગે તો માનજો કે, મારી ભક્તિ કાચી. પણ બીજાને સુધારવાની ભાંજગડમાં સાધારણ મનુષ્ટ્રે પડવાની જરૂર નથી. તમે તમારા મનને સુધારો તો પણ ઘણું છે. આજકાલ ફેશન અને વ્યસન પાછળ સમય અને સંપત્તિનો મહાવ્યય થાય છે.વ્યસનમાં પાગલ થયેલો મનુષ્ય ભગવાનની સેવા કરી શકતો નથી.વૈષ્ણવ તો તે છે કે,જેને કોઈ વ્યસન નથી. જેને ભગવાનનું ભજન કરવું છે તેને લૌકિક વ્યસન રાખવું પાલવે નહીં. જેને ઈશ્વરનું આરાધન કરવું છે તે ફેશનમાં કે વ્યસનમાં ફસાય નહીં. વ્યસન એક જ હોવું જોઈએ શ્રીકૃષ્ણભક્તિ વ્યસનરૂપ બને છે ત્યારે મુક્તિ મળે છે. તુકારામ મહારાજને ભક્તિનું એવું વ્યસન હતું. તેઓએ કહ્યું છે,મારી આંખને આવી ટેવ પડી છે કે, જ્યાં નજર જાય ત્યાં તેને મુરલીમનોહર નું સ્વરૂપ દેખાય છે. રાજ્યાશાસનથી સમાજ સુધરે નહીં.સંત સદ્ભાવથી સમાજને સુધારી શકે છે. દિતિને ગર્ભ રહ્યો છે. બ્રહ્માજી દેવો દિતિના પેટમાં કોણ છે તેની કથા સંભળાવે છે. અંતઃકરણ ચતુષ્ટય શુદ્ધ થાય ત્યારે ઈશ્વરનાં દર્શન થાય છે. ઈશ્વરદર્શન કરવા જાવ ત્યારે આ ચારેયને શુદ્ધ કરીને જાવ. અંતઃ કરણના ચાર પ્રકાર છે. અંતઃકરણ સંકલ્પવિકલ્પ કરે ત્યારે એને મન કહે છે.

**એપાર્ટમેન્ટમાંથી મળી બેભાન** | **સોફિયાનું આમ અચાનક મોતથી બધા આશ્ચર્યચકિત છે**

# એડલ્ટ ફિલ્મ સ્ટાર સોફિયા લિયોનીએ નાની ઉંમરને દુનિયાને કહ્યું અલવિદા



એડલ્ટ ફિલ્મ સ્ટાર સોફિયા લિયોનીને લઈને એક દુખદ સમાચાર સામે આવ્યા છે. સોફિયાએ ૨૬ વર્ષની ઉંમરમાં દુનિયાને અલવિદા કહી દીધું છે. સોફિયાની બોડી તેમના એપાર્ટમેન્ટમાંથી મળી આવી છે. સોફિયાનું આમ અચાનક મોતથી બધા આશ્ચર્યચકિત છે. એડલ્ટ એક્ટ્રેસના નિધનના સમાચાર તેમના સાવકા ભાઈ માઈક રોમેરાએ કંફોર્મ કર્યુ છે. સોફિયા લિયોનીના સાવકા પિતા માઈક રોમેરોએ GoFundMe પર એક નિવેદન જાહેર કર્યું છે. આ નિવેદનમાં તેણે પોતાના મૃત્યુના સમાચારની પુષ્ટિ કરી છે. સોફિયાના પિતાએ જણાવ્યું કે તેના જવાથી આખો પરિવાર આઘાતમાં છે. પિતાએ કહ્યું - તેની માતા અને પરિવાર વતી, ભારે હૃદય સાથે મારે અમારી પ્રિય સોફિયાના નિધનના સમાચાર શેર કરવા છે. પિતાએ નિવેદનમાં વધુમાં કહ્યું કે - ૧ માર્ચે સોફિયા તેના એપાર્ટમેન્ટમાં બેભાન હાલતમાં મળી આવી હતી. પરંતુ તેમના મૃત્યુનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે. તેમના કહેવા પ્રમાણે, સોફિયાને ટ્રાવેલિંગનો ખૂબ શોખ હતો. તેણીએ હંમેશા તેની આસપાસના દરેકને ખુશ રાખવાના રસ્તાઓ શોધી કાઢ્યા. તે એકદમ હસમુખી હતી. તમને જણાવી દઈએ કે છેલ્લા ત્રણ મહિનામાં આ ત્રીજો કેસ છે જ્યારે કોઈ એડલ્ટ સ્ટારનું અચાનક મૃત્યુ થયું હોય. સોફિયા પહેલા થેના ફિલ્ડ્સ તેના ઘરમાં મૃત હાલતમાં મળી આવી હતી. આ પછી ૩૬ વર્ષના કેગલી લિન કાર્ટરએ પણ આત્મહત્યા કરી લીધી. હવે, સોશિયલ મીડિયા પર એવી ચર્ચા શરૂ થઈ છે કે આટલી નાની ઉંમરમાં ફિમેલ સ્ટાર્સ આટલી વાર કેવી રીતે મૃત્યુ પામે છે. સોફિયાના મૃત્યુ બાદ તેના પરિવાર અને મિત્રોમાં શોકનો માહોલ છે.

# ઈબ્રાહિમ અને પલક નાઈટ આઉટમાં બંને સાથે

**ઈબ્રાહિમ અને પલક એકસાથે મુંબઈના લાયલા, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ પહોંચ્યા હતા**



રૂમર્ડ કપલ ઈબ્રાહિમ અલી ખાન અને પલક તિવારી શનિવારે ડેટ નાઈટ દરમિયાન જોવા મળ્યા હતા. બંનેના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. ગઈ કાલે રાત્રે ઈબ્રાહિમ અને પલક એકસાથે મુંબઈના લાયલા, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ પહોંચ્યા હતા. બંને એક જ કારમાં અહીં પહોંચ્યા હતા. પહેલા પલક કારમાંથી નીચે ઊતરી અંદર ગઈ અને પછી ઈબ્રાહિમ તેની પાછળ ગયો. જો કે, પછી બંને જ્યારે પાછા ફર્યા ત્યારે તેમના ઘણા મિત્રો પણ તેમની સાથે જોવા મળ્યા હતા. આ પહેલીવાર નથી જ્યારે ઈબ્રાહિમ અને પલક સાથે જોવા મળ્યા હોય. આ પહેલા પણ બંને ઘણી વખત સાથે જોવા મળ્યા છે. બંનેએ ન્યૂ યર પાર્ટી પણ સાથે સેલિબ્રેટ કરી હતી. આ દરમિયાન જ્યારે પાપારાઝીએ તેમને કેમેરામાં કેપ્ચર કરવાનો પ્રયાસ કર્યો ત્યારે ઈબ્રાહિમે પોતાનો ચહેરો છુપાવી દીધો હતો. પલક અને ઈબ્રાહિમના ડેટિંગની ચર્ચા ડિસેમ્બર ૨૦૨૨માં શરૂ થઈ હતી જ્યારે બંને મુંબઈમાં પહેલીવાર સાથે જોવા મળ્યા હતા. ઘણા મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવે છે કે બંને લાંબા સમયથી રિલેશનશિપ માં છે. જ્યાં ઈબ્રાહિમ બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન અને તેની પૂર્વ પત્ની અમૃતા સિંહનો પુત્ર છે. તો પલક પ્રખ્યાત ટીવી અભિનેત્રી શ્વેતા તિવારીની પુત્રી છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો ઈબ્રાહિમે કરણ જોહરની ફિલ્મ 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'માં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યુ છે. રિપોર્ટ્સનું માનીએ તો ઈબ્રાહિમ કરણ જોહરના બેનર હેઠળ બની રહેલી આગામી ફિલ્મ 'સરઝમીન'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મમાં તેની સાથે કાજોલ અને પૃથ્વીરાજ સુકુમારન જોવા મળશે.

**કુંવારી અભિનેત્રીઓને જ ફિલ્મમાં લેતા હતા પ્રોડ્યુસરો**

# મહિમા ચૌધરીનો ચોંકાવનારો ખુલાસો

બોલીવુડ અભિનેત્રી મહિમા ચૌધરીએ ઘણાં સમય પહેલાં એક ઈન્ટરવ્યૂ આપ્યો હતો, જે તે સમયે ખુબ ચર્ચામાં રહ્યો હતો. આ ઈન્ટવ્યૂમાં તેમણે કરિયરની શરૂઆત કરી ત્યારે ઈન્ડસ્ટ્રીમાં હિરોઈનોની સ્થિતિ અલગ હતી. તેમની ક્ષમતા કરતાં તેમના અંગત જીવન પર વધુ ધ્યાન આપવામાં આવ્યું હતું. મહિમાના કરિયરમાં પણ ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે. એક સમય હતો જ્યારે તે ટોચની અભિનેત્રીઓમાંની એક હતી, પરંતુ પછી ધીમે-ધીમે તેને કામ ઓછું મળવા લાગ્યું. તેમનું નામ ઘણા કલાકારો સાથે પણ જોડાયેલું હતું. લોકપ્રિય ટેનિસ ખેલાડી લિએન્ડર પેશનું નામ પણ સામેલ છે. જો કે, બંને પાછળથી અલગ થઈ ગયા. મહિમાએ પોતાના ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે પહેલા ફિલ્મમેકર્સ તેમની ફિલ્મોમાં કુંવારી હિરોઈનને કાસ્ટ કરતા હતા. પરંતુ હવે બધુ બદલાઈ ગઈ છે. વધુમાં જણાવ્યું હતુકે, પરિણીત સ્ત્રીની સરખામણીએ કુંવારી યુવતીઓના શિરે જવાબદારી ઓછી હોય છે. કોઈપણ અભિનેત્રીએ લગ્ન કરેલાં હોય તો તેના પતિ સાથેના સંબંધો, ઘરની જવાબદારી અને એની સાથે ફિલ્મોનું શૂટિંગ આઉટડોર આ બધું મુશ્કેલ હોય છે. સાથે જ કુંવારી અભિનેત્રીઓનું ફેનફોલોઈંગ વધારે હોય છે. તેને કારણે ચાહકો તેની ફિલ્મ જોવાનું પસંદ કરે છે. જ્યારે લગ્ન બાદ અભિનેત્રીના ચાહકોમાં ખુબ ઘટાડો થઈ જતો હોય છે. આ બધા ઉપરાંત કુંવારી અભિનેત્રીઓને નિર્માતાઓ વધુ અટેન્શન કેમ આપતા હતા તે સવાલનો જવાબ આપવો ખુબ અઘરો છે. કારણકે, સ્ક્રિન ટેસ્ટ અને ઓડિશનના નામે શું ચાલતું હોય છે તે બધા જ જાણે છે. મહિમાએ એમ પણ કહ્યું કે અગાઉ સંબંધની અસર કામ પર થતી હતી. જો કોઈ અભિનેત્રી કોઈને ડેટ કરતી હોય, તો લોકો લખતા હતા કે તે કુંવારી અભિનેત્રીની શોધમાં છે. જેમાં કોઈને કિસ પણ ન કરી હોય.અને જો તે પરિણીત છે, તો તેની કારકિર્દી વિશે ભૂલી જાઓ. મહિમાએ તેના ઈન્ટરવ્યુમાં કહ્યું હતુ કે તેનું લગ્નજીવન મુશ્કેલીઓથી ભરેલું હતું. પતિ બોબી મુખર્જીથી અલગ થયા બાદ તે પોતાની દીકરીનો ઉછેર એકલા હાથે કરી રહી છે. મહિમાએ તેના લગ્ન જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા. લગ્ન પહેલા બંને એકબીજાને બહુ પ્રેમ કરતા હતા. પરંતુ બાદમાં બંને વચ્ચે ઝઘડા થવા લાગ્યા હતા.



મારો સમયગાળો મારા માટે ખૂબ જ મુશ્કેલ હતો. મારા પતિએ મને જરાય સાથ ન આપ્યો. પછી મેં મારી માતા સાથે લગ્નમાં આવતી સમસ્યાઓ વિશે ખુલીને વાત કરી. મહિમાએ કહ્યું કે તેની માતાએ કહ્યું, 'મેં તને સંઘર્ષ કરતા જોઈ છે, જીવનના દરેક ક્ષેત્રે જોયા છે, હવે તું શા માટે આત્મહત્યા કરી રહી છે? જો બધું બરાબર ન હોય તો, થોડીવાર અહીં રહો પછી જુઓ કે આ અંતર તમને સારું લાગે છે કે નહીં. મહિમા અને બોબીએ ૨૦૦૬ માં લગ્ન કર્યા હતા અને બંનેએ ૨૦૧૩ માં છૂટાછેડા લીધા હતા. બોબી સાથે તેની એક પુત્રી એરિયાના પણ છે.

**ફેન્સ અક્ષય કુમારની ફિલ્મ 'Skyforce'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે**

# અક્ષય કુમારની ફિલ્મ 'Skyforce'ની સ્ટોરી લીક




બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના એકશન સ્ટાર અક્ષય કુમારની વર્ષ ૨૦૨૪માં એક પણ ફિલ્મ રિલીઝ થઈ નથી. જોકે, આ વર્ષે અક્ષય કુમારની ચાર ફિલ્મો સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. અક્ષય કુમારની આમાંથી એક ફિલ્મ 'સ્કાયફોર્સ' છે. જ્યારથી અક્ષય કુમારની ફિલ્મ 'સ્કાયફોર્સ'ની જાહેરાત થઈ છે ત્યારથી ચાહકો તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. IMDB અનુસાર, અક્ષય કુમાર આ ફિલ્મમાં એરફોર્સ ઓફિસરની ભૂમિકા ભજવતો જોવા મળશે અને તેની વાર્તા ભારતીય વાયુસેનાની સૌથી મોટી જીત પર આધારિત હશે. હાલમાં લેટેસ્ટ મીડિયા રિપોર્ટમાં ફિલ્મ 'સ્કાયફોર્સ'ને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. ખરેખર, અક્ષય કુમારની આ ફિલ્મની સ્ટોરી લીક થઈ ગઈ છે. 'ઈટાઈમ્સ'ના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અક્ષય કુમારની ફિલ્મ 'સ્કાયફોર્સ'ની વાર્તા કેટલાક દાયકાઓ પહેલા ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા હવાઈ યુદ્ધ પર આધારિત હશે. આ ફિલ્મ પાકિસ્તાનના સરગોધા એરબેઝ પર ભારતના હુમલા પર આધારિત છે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મની જાહેરાત કરતી વખતે અક્ષય કુમારે કહ્યું હતું કે તે ભારતના પહેલા સૌથી ઘાતક હુમલા પર આધારિત હશે. અક્ષય કુમારની ફિલ્મ 'સ્કાયફોર્સ' ૧૯૬૫ની ઘટના પર આધારિત છે. આ ઘટના પાકિસ્તાન દ્વારા પઠાણકોટ, આદમપુર અને હલવારા પરના હુમલાને દર્શાવે છે, જેનો જવાબ ભારતીય વાયુસેનાએ સરગોધા પર હુમલો કરીને આપ્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તે દિવસોમાં સરગોધા એશિયાના સૌથી મજબૂત એરબેઝમાંથી એક માનવામાં આવતું હતું. આ હોવા છતાં, ભારતીય વાયુસેનાના પાયલટોએ હુમલો કર્યો અને સરગોધા એરબેઝની સંપત્તિને ભારે નુકસાન પહોંચાડ્યું. હુમલા દરમિયાન વિવિધ પ્રકારના એરક્રાફ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અક્ષય કુમારના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તેની પાસે ઘણી ફિલ્મો છે. ફિલ્મ 'સ્કાયફોર્સ' સિવાય અક્ષય કુમારની પાસે 'બડે મિયાં છોટે મિયાં', 'સિરફિરા', 'વેલકમ ટુ જંગલ', 'હાઉસફુલ ૫', 'હેરા ફેરી ૩' જેવી ફિલ્મો છે. અક્ષય કુમાર છેલ્લે વર્ષ ૨૦૨૩માં સિનેમાઘરોમાં રિલીઝ થયેલી ફિલ્મ 'મિશન રાનીગંજ'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી.

# ફિલ્મ શૈતાનના કલેક્શનમાં ૨૬% વધારો : ૩૪.૩૯ કરોડની કમાણી

**અજયની પાંચમી શ્રેષ્ઠ ઓપનિંગ ફિલ્મ, ત્રીજા સપ્તાહમાં પણ ફિલ્મ આર્ટિકલ ૩૭૦ સારો બિઝનેસ**



પહેલા દિવસે ૧૫ કરોડ ૨૧ લાખ રૂપિયાની ઓપનિંગ મેળવ્યા બાદ અજય દેવગનની ફિલ્મ શૈતાને બીજા દિવસે પણ જોરદાર કમાણી કરી હતી. ૨૬%ની વૃદ્ધિ સાથે, ફિલ્મે શનિવારે ૧૯ કરોડ ૧૮ લાખ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. આ સાથે ફિલ્મે બે દિવસમાં ૩૪ કરોડ ૩૯ લાખ રૂપિયાની કમાણી કરી લીધી છે. અગાઉ, શરૂઆતના દિવસે ૧૫ કરોડ ૨૧ લાખ રૂપિયાની કમાણી કર્યા પછી, શૈતાન અજયની કારકિર્દીની પાંચમી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની હતી. અજય અને કરીના સ્ટારર ફિલ્મ 'સિંઘમ રિટર્ન્સ' આ લિસ્ટમાં ટોપ પર છે. અજયની ફિલ્મને ૩૨.૦૯ કરોડની ઓપનિંગ મળી હતી. 'શૈતાન'નું નિર્દેશન વિકાસ બહલે કર્યું છે જેમાં સાઉથની અભિનેત્રી જ્યોતિકા પણ મહત્ત્વની ભૂમિકામાં જોવા મળી રહી છે. ગુજરાતી અભિનેત્રી જાનકી બોડીવાલાએ આ ફિલ્મથી બોલિવૂડમાં એન્ટ્રી કરી છે. તેના બીજા શનિવારે 'લાપતા લેડીઝ'એ ૮૮ લાખ રૂપિયા એકઠા કર્યા. આ સાથે ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર ૭ કરોડ ૮૬ લાખ રૂપિયાની કમાણી કરી લીધી છે. શનિવારે, ફિલ્મની સ્ટાર કાસ્ટમાંથી ત્રણ મુખ્ય કલાકારો, સ્પર્શ શ્રીવાસ્તવ, પ્રતિભા રાંતા અને નિતાંશી ગોયલ મુંબઈના એક થિયેટરમાં પહોંચ્યા હતા. અહીં દર્શકોએ તેની ફિલ્મના ખૂબ વખાણ કર્યા. યામી ગૌતમ સ્ટારર 'આર્ટિકલ ૩૭૦' એ ૧૬માં દિવસે એટલે કે ત્રીજા શનિવારે ૨ કરોડ ૭૫ લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો.

**ત્રિપાઠીની આ ફિલ્મ ૧૪ માર્ચેના રોજ OTT પ્લેટફોર્મ ZEE5 પર જોવા મળશે**

# પંકજની ફિલ્મ 'મૈ અટલ હૂં'' OTT પર થશે રીલીઝ

**ફિલ્મમાં પંકજના અભિનયને જોઈને ખૂબ વખાણ થયા**



બોલીવૂડના દિગ્ગજ અભિનેતાઓમાંના એક પંકજ ત્રિપાઠી છે. જેઓની ફિલ્મ ''મેં અટલ હું'' આ વર્ષે જાન્યુઆરીમાં સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં તેમણે પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારીની ભૂમિકા નિભાવી હતી. આ ફિલ્મમાં તેમના અભિનયને જોઈને ક્રિટિક્સે પણ તેમના ખૂબ જ વખાણ કર્યા હતા. જો કે, આ ફિલ્મે બોક્સ ઓફિસ પર કંઈ ખાસ ધમાલ મચાવી ન હતી. જો કે, એવામાં તમે પણ આ ફિલ્મ થિયટરમાં જોવાનું ચુકી ગયા હશો, તો તમારા માટે ફરી એકવાર સારા સમાચાર સામે આવ્યા છે કે, આ ફિલ્મ ટૂંક સમયમાં જ ઓટીટી પર આવવાની છે. ચાલો જાણીએ કે, આ ફિલ્મ કયા ઓટીટી પ્લેટફોર્મ પર આવવાની છે. આ ફિલ્મ ટૂંક સમયમાં ઓટીટી પ્લેટઉફોર્મ ZEE5 પર આવી રહી છે. ZEE5 તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેનો એલાન કર્યો છે. સાથો સાથ પોસ્ટર શેયર પણ કર્યો છે. જેના કેપ્શનમાં લખ્યું છે કે, 'શરૂ કરો તૈયારી, આ રહી હેં અટલ બિહારી'. 'મેં અટલ હું' આ પ્રીમિયર ૧૪ માર્ચેના રોજ ફક્તને ફક્ત જીપ પર જોવા મળશે. ફિલ્મ ''મેં અટલ હું''માં પંકજ ત્રિપાઠીએ પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારીનો કિરદાર નિભાવ્યો છે. આ ફિલ્મમાં અટલ બિહારીની કવિથી લઈ રાજનેતા બનવા સુધી સફર બતાવવામાં આવી છે. પંકજ ત્રિપાઠી સિવાય આ ફિલ્મમાં પીયુશ મિશ્રા, રાજા સેવક, દયા શંકર પાંડે તેમજ એકતા કૌલ સહિતના અન્ય કલાકારો પણ સામેલ છે. રવિ જાધવ દ્વારા નિર્દેશિત જાધવ અને ઋષિ વિરમાણી દ્વારા લખાયેલી આ ફિલ્મનું નિર્માણ વિનોદ ભાનુશાલી, સંદીપ સિંહ અને કમલેશ ભાનુશાલી દ્વારા ભાનુશાલી સ્ટુડિયો લિમિટેડ અને લિજેન્ડ સ્ટુડિયોના બેનર હેઠળ કરવામાં આવ્યું છે. આ ફિલ્મના બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો Sacknilkના રિપોર્ટ અનુસાર આ ફિલ્મે ઘરેલુ બોક્સ ઓફિસ પર એક સપ્તાહમાં ૭.૯૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો.

# છૂટાછેડા સમયે, મને લાગ્યું કે આ મારા વ્યક્તિગત વિકાસ માટે ખૂબ મહત્વપૂર્ણ છે

**મલાઈકા અરોરાએ છૂટાછેડા પર મૌન તોડ્યું, જ્યારે મલાઈકાએ અરબાઝથી અલગ થવાનો નિર્ણય કર્યો ત્યારે તેને અનેક પ્રકારના ટોણા સાંભળવા પડ્યા**



મલાઈકા અરોરા અને અરબાઝ ખાને ૨૦૧૭માં તેમના ૧૯ વર્ષ લાંબા લગ્નજીવનનો અંત આણ્યો હતો. તેમના છૂટાછેડાના સમાચારે લોકોને ચોંકાવી દીધા હતા. તાજેતરમાં મલાઈકાએ છૂટાછેડાની વાત કરી હતી. તેણે જણાવ્યું કે અરબાઝથી છૂટાછેડા પછી તેને કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. મલાઈકા અરોરાએ પિંકવિલાને આપેલા ઈન્ટરવ્યુમાં ૨૫ વર્ષની ઉંમરે લગ્ન કરવાનું કારણ જણાવ્યું. તેણે કહ્યું, મારા પરિવારના દબાણને કારણે મેં લગ્ન નથી કર્યા. હું એવા પરિવારમાં ઉછરી નથી જ્યાં મને કહેવામાં આવ્યું હતું કે આ ઉંમર પછી તમારે લગ્ન કરવા પડશે. તેના બદલે, મને મારા પરિવાર દ્વારા કહેવામાં આવ્યું હતું કે જીવન ખુલ્લી રીતે જીવો, બહાર જાઓ અને આનંદ કરો અને શક્ય તેટલા લોકોને મળો. પણ મને ખબર નથી કે મારા મગજમાં શું આવ્યું. મેં મારી જાતને કહ્યું કે મારે ૨૨-૨૩ વર્ષની ઉંમર સુધીમાં લગ્ન કરવા છે. આ મારો પોતાનો નિર્ણય હતો. કારણ કે મને લાગ્યું કે તે સમયે મારા માટે આ શ્રેષ્ઠ વિકલ્પ હતો. પરંતુ લગ્નના થોડા વર્ષો પછી મને સમજાયું કે કદાચ મારે આ જોઈતું નથી. જ્યારે મલાઈકાએ અરબાઝથી અલગ થવાનો નિર્ણય કર્યો ત્યારે તેને અનેક પ્રકારના ટોણા સાંભળવા પડ્યા. જ્યારે મલાઈકાએ અરબાઝથી અલગ થવાનો નિર્ણય કર્યો ત્યારે તેને અનેક પ્રકારના ટોણા સાંભળવા પડ્યા. મલાઈકાએ કહ્યું, 'જ્યારે મેં છૂટાછેડા લેવાનો નિર્ણય લીધો ત્યારે મેં વિચાર્યું ન હતું કે ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓ છૂટાછેડા પછી આગળ વધી રહી છે. છૂટાછેડા સમયે, મને લાગ્યું કે આ મારા માટે અને મારા વ્યક્તિગત વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, તો જ હું ખુશ રહી શકીશ. આવી સ્થિતિમાં હું મારી જાતને અને મારા પુત્રને ખુશ રાખવા માંગતી હતી. તેથી જ મેં અરબાઝ જોડે છૂટાછેડા લીધા હતા'. મલાઈકા અરોરાએ એક પ્રકાશન વિશે પણ વાત કરી હતી જ્યારે તેના આઉટફિટ પર એક લેખ લખવામાં આવ્યો હતો. તે લેખ પર મલાઈકા માટે ખૂબ જ અશ્લીલ ટિપ્પણીઓ આવવા લાગી. લેખમાં લખવામાં આવ્યું હતું કે - મલાઈકા ખૂબ જ મોંઘા પોશાક પહેરી શકે છે, કારણ કે તેને ભરણપોષણમાં મોટી રકમ મળી છે. આ સમાચાર જોઈને મલાઈકા દંગ રહી ગઈ હતી. જ્યારથી બંનેએ પોપ્યુલર રિયાલિટી શો 'પાવર કપલ'માં સાથે દેખાવાનું બંધ કર્યું ત્યારથી તેમના અલગ થવાની અટકળો ચાલી રહી હતી. બંનેના લગ્ન ૧૯૯૮માં થયા હતા અને હવે તેમને ૨૧ વર્ષનો પુત્ર અરહાન છે. જ્યારે મલાઈકાને પૂછવામાં આવ્યું કે શું એક સંબંધ તૂટ્યા પછી બીજો સંબંધ બની શકે છે તો તેણે કહ્યું, 'હા, કેમ નહીં. સંબંધ તૂટ્યા પછી આગળ વધવું જરૂરી છે. બ્રેકઅપ પછી કોઈને ફરીથી ડેટ કરવું મુશ્કેલ છે, પરંતુ અશક્ય નથી'. છૂટાછેડા પછીના જીવન વિશે મલાઈકાએ કહ્યું, 'પહેલીવાર તમે એક પ્રકારની સ્વતંત્રતાનો અર્થ અનુભવો છો. નવા લોકોને મળો. તમે પથારીમાં એકલા સૂઈ જાઓ. આ પણ એક પ્રકારની નવી વાત છે. તે પ્રેરણાદાયક છે કે તમારે તમારી પથારી, તમારી જગ્યા કોઈની સાથે શેર કરવાની જરૂર નથી'.



# ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત 'વુમન એચિવમેન્ટ એવોર્ડ'માં નડદખાદી ગામની મહિલાનુ કરાયું સન્માન

## નદગખાદી ગામના કલ્પના ગાયકવાડ મિલેટ ધાન્યોમાંથી વિવિધ નાસ્તાઓનું કરે છે ઉત્પાદન



। (માહિતી) સુરત, તા.૧૩ ।

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પહેલ ''વોકલ ફોર લોકલ'' થી અનેક લોકો માટે રોજગારીના નવા રસ્તાઓ ખુલવા પામ્યા છે. મહિલા સ્વાવલંબનમાં વિશિષ્ટ સિધ્ધિઓને ઓળખીને 'ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ-ગાંધીનગર' દ્વારા તાજેતરમાં ઓયોજિત 'વુમન એચિવમેન્ટ એવોર્ડ'માં શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઇ ડીંડોર તેમજ શ્રી પ્રફુલભાઇ પાનસેરીયાના અધ્યક્ષ સ્થાને, દક્ષિણ ગુજરાતની મહિલાઓને સન્માનિત કરવામા આવી હતી. જેમાં ડાંગ જિલ્લાના નડગખાદી ગામના ઉદ્યમી મહિલા શ્રીમતી કલ્પનાબેન ગાયકવાડને પણ સન્માનિત કરવામા આવ્યા હતા. શ્રીમતી કલ્પનાબેન નાગલી, જુવાર, બાજરો જેવા મિલેટ ધાન્યોમાંથી વિવિધ નાસ્તાઓનું ઉત્પાદન કરે છે. તેમજ ૧૦૦ જેટલી મહિલાઓને આ કાર્યમા જોડીને સખી મંડળની રચના કરી રોજગારી પણ પુરી પાડે છે. અંતરીયાળ વિસ્તારના ગામડાઓમાં સ્વાવલંબન અને મહિલા સશક્તિકરણના કાર્યો, અને શ્રીઅન્નનુ ઉત્પાદનું, વેલ્યુ એડિશન, વેચાણ જેવા કાર્યો માટે તેમનું તાજેતરમાં જ સન્માન કરાયું હતું.

# થરા જલારામ મંદિર ખાતે પુજ્ય જલારામ બાપાનો પાંચમો પાટોત્સવ યોજાયો

। (પ્રતિનિધી) થરા, તા.૧૩ ।

કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારમાં આવેલ જલારામ બાપાના મંદિરને પ્રતિષ્ઠાને પાંચ વર્ષ પુરા થતાં જલારામ બાપા મંદિરનો પાંચમો પાટોત્સવ દેવદરબાર જાગીર મઠના ૧૦૦૮ મહંત બળદેવનાથજી ગુરૂ વસંતનાથજી મહારાજની પાવન નિશ્રામાં ખુબજ ધામધુમથી ગઈકાલે તા. ૧૨/૩/૨૦૨૪ ફાગણ સુદ ૩ને મંગળવારે યોજાયેલ. સવારે શોભાયાત્રા આશાપુરા માતાજીના મંદિરથી નીકળી જલારામ બાપા મંદિર ખાતે આવેલ જયાં હવન યજ્ઞ તેમજ ૧૨.૩૯. ધ્વજાજી ચડાવવામા આવી. સાંજે ૭ કલાકે મહા આરતી કરવામાં આવી. સાંજે ભોજન પ્રસાદ તેમજ આનંદના ગરબાનું સુંદર આયોજન કરવામાં આવેલ છે.આ પ્રસંગે સંતો મહંતો પધારી ધન્યતા અનુભવેલ. થરા બહુચર માતાજીના મંદિરથી શોભાયાત્રા નીકળી જે નીજ મંદિરે સંપન્ન થઈ હતી.આ ઉજવણીમાં ભાવિકોનો સામાજિક રાજ-કીય સહકારક્ષેત્રનાઆગેવાનો શિક્ષણ વિદો જોડાયા હતા.



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મહીસાગર લુણાવાડા અને તાલુકા કાનૂની સેવા સમિતિ કડાણા અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિર ભેમાની વાવો પ્રાથમિક શાળા મુકામે યોજવામાં આવી જેમાં પી એલ વી શ્રી એચ એ જોશીએ બાળકોને બાળ કાયદા સરકારી વિવિધ યોજનાઓ મહિલા સશક્તિકરણ વિશે સમજૂતી આપી શાળાના આચાર્ય કાંતિભાઈ રામજીભાઈ પટેલ તથા શાળા પરિવાર હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી ૭ થી આઠ ના બાળકો ને શિક્ષણની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શાળાનું નામ રોશન કરવા શ્રી જોષી એ વિદ્યાર્થીઓને પ્રેરક બળ પૂરું પાડ્યું હતું.

# ઝાલોદ ખાતે વરોડ ટોલ નાકાનો વિવાદ વકર્યો : આંદોલનકારીઓ દ્વારા રોડ જામ કરી પ્રદર્શન કરાયું

## નકલી ટોલ માંગણીને સામાજિક કાર્યકર્તા પ્રવીણ પારગીના આંદોલનને કોંગ્રેસ અને આપ પાર્ટી દ્વારા સમર્થન



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

અંદાજે તારીખ ૦૭-૦૩-૨૦૨૪ થી બોગસ ટોલ તેમજ નકલી ટોલ માંગણી માટે બેસેલ સામાજિક કાર્યકર્તા પ્રવીણ પારગીના સમર્થનમા આપ પાર્ટી તેમજ કોંગ્રેસ પાર્ટી દ્વારા ખુલ્લું સમર્થન કરી ધરણા પ્રદર્શનમા ભાગ લીધેલ હતો. સામાજિક કાર્યકર્તા પ્રવીણ પારગી એ રાજસ્થાન પર પાસ થયેલ ટોલ નાકાને વરોડ પર અમુક રાજકીય માથાના મીલી ભગત થી ઠોકી બેસાડેલ છે તેવા આક્ષેપો કર્યા હતા તેમજ આ ટોલ નાકું વર્ષો થી અહીંથી અવરજવર કરનાર વાહન ચાલકો પાસે ટોલ તો લે છે પણ રોડ અને લાઇટની સુવિધા આપવામાં વામણું પુરવાર થયેલ છે તેવા આક્ષેપો પણ કરવામાં આવેલ હતા. હડતાળ પર બેસેલા લોકોએ ટોલ નાકું નકલી છે તેવું કહેલ અને જો સાચું હોય તો તમામ રેકોર્ડ જાહેર કરી બતાવવાની માંગણી કરેલ હતી. ટોલ તરફથી તમામ દસ્તાવેજો બતાવવાની ખાત્રી આપવામાં આવેલ હતી પરંતુ આ ખાત્રી પૂરી ન થતાં ૧૩-૦૩-૨૦૨૪ ના રોજ ફરી સહુ સામાજિક આગેવાનો હડતાળ પર બેસી રોડ ચક્કાજામ કરેલ હતો. આજ રોજ ૧૩-૦૩-૨૦૨૪ ના રોજ સામાજિક કાર્યકર્તા પ્રવીણ પારગીને તેમની રજૂઆત માટે સમર્થન આપવા દાહોદ જિલ્લા આપ પાર્ટી તેમજ કોંગ્રેસ તેમજ અન્ય સામાજિક કાર્યકર્તાઓ દ્વારા પોતાની માંગણી પુરી કરવા માટે ટોલ રસ્તો બંધ કરી દેવામાં આવેલ હતો. રસ્તો બંધ કરી દેવાતા વાહનોની લાંબી લાઈન લાગી ગયેલ હતી. પોલીસ પ્રવાસન દ્વારા રોડ ખુલ્લો કરી આંદોલન પર બેસેલ લોકોને માંગણી માટે રોડ ખુલ્લો કરી બેસવા માટે આગ્રહ કરવામાં આવેલ હતો. પરંતુ આંદોલનપર બેસેલા કાર્યકર્તાઓ દ્વારા લેખિતમાં માંગણી પુરી કરે તેવી માંગ કરવામાં આવી હતી. પોલીસ અને આંદોલન પર બેસેલા કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ વધતા દાહોદ જિલ્લાની પોલીસ વરોડ મુકામે આવી પહોંચી હતી. પોલીસ પ્રશાસન દ્વારા રોડ ખુલ્લો કરી હડતાળ પર બેસેલા આગેવાનોને ડિટેઈન કરી લીમડી પોલીસ મથકે લઈ જવામાં આવેલ હતા.

હડતાળ પર બેસેલ સ્થળ પર પોલીસ પ્રવાસન દ્વારા તાત્કાલિક ખાલી કરાવી આખો રોડ ખુલ્લો કરવામાં આવેલ હતો. આપ પાર્ટીના નરેશ બારીયા, સામાજિક કાર્યકર્તા પ્રવીણ પારગી, કોંગ્રેસના સુભાષ પારગી તેમજ અન્ય કાર્યકર્તાઓને લીમડી પોલીસ સ્ટેશનમા લઈ જવામાં આવેલ હતા. કાર્યકર્તાઓને પોલીસ સ્ટેશનમા લઈ જવાતા મોટા પ્રમાણમાં કાર્યકર્તાઓ તેમને છોડાવવા પહોંચી ગયેલ હતા.

# ઈણાજ ખાતે નવનિર્મિત ચેરિટી ભવનનું ઈ-લોકાર્પણ કરતા કાયદામંત્રી ઋષિકેશભાઈ પટેલ



। ગીર સોમનાથ, તા.૧૩ ।

અદ્યતન માળખાકિય સુવિધાઓ અને ટેક્નોલોજીના માધ્યમથી ટ્રસ્ટોની નોંધણી કામગીરી સરળ બને તેવા શુભહેતુસર અંદાજિત રૂ. ૨.૮૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા વેરાવળ તાલુકાના ઈણાજ ખાતે જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીના નવનિર્મિત ચેરિટી ભવનનું કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદિય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ દ્વારા વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ તકે, મંત્રીશ્રીએ રાજ્ય સરકાર સહિત ઉત્તમ કાર્ય કરતાં વિવિધ ટ્રસ્ટને વર્ચ્યુઅલ શુભેચ્છા પાઠવતા કહ્યું હતું કે, 'દેશ સહિત ગુજરાતની અંદર પણ ઘણી સેવાભાવી સંસ્થાઓ ઉત્તમ કામ કરી રહી છે. ભારતીય સંસ્કૃતિ હંમેશા 'સેવા પરમો ધર્મ'નો ભાવ ઉજાગર કરતી રહી છે. આ સંસ્થ-ાઓની પરસેવાની કમાણી લોકોપયોગી કાર્યમાં વપરાય તેમજ આરોગ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રમાં ટ્રસ્ટનું નિર્માણ અને વ્યવસ્થિત સંચાલન થાય, ઉપરાંત ટેક્નોલોજીનું સમન્વય સાધી પારદર્શક કામગીરી થાય એવા સુધારાઓ થયાં છે. નવનિર્મિત અદ્યતન ભવનના માધ્યમથી સુનિયોજીત માળખું વિકસાવવામાં આવ્યું છે. જેના કારણે કામગીરી વધુ સરળ અને ઝડપી બનશે.' વર્ચ્યુઅલ લોકાર્પણ બાદ ચેરિટી ભવનનું જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંજૂલાબેન મૂછાર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં તકતી અનાવરણ કરવામાં આવ્યું હતું. કુલ ૮૫૪.૭૭ ચો.મી ક્ષેત્રફળમાં ફેલાયેલા ભવનના ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલો માળ જજ ઓફિસ, પીએ રૂમ, પૂછપરછ રૂમ, કોર્ટ રૂમ, પ્રતીક્ષા ખંડ, સ્ટાફ રૂમ, એડવોકેટ રૂમ, સ્ટેશનરી રૂમ, સુપ્રિટેન્ડન્ટ રૂમ જેવી તમામ માળખાકિય સુવિધાઓસભર છે. આ ઉપરાંત કેમ્પસમાં ટુ-વ્હીલર અને ફોરવ્હીલર પાર્કિંગ, સંપ તથા પંપ રૂમ અને લેન્ડસ્કેપિંગ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં એ થી એફ સેક્શનમાં આશરે ૫૦૦૦ જેટલા ટ્રસ્ટ નોંધાયેલા છે.

# રાજ્ય સરકારે સ્વર્ણિમ યોજના અમલમાં મૂકી શહેરોના વધુ સુવ્યવસ્થિત વિકાસ માટે આયોજન કર્યું : મંત્રી કનુભાઈ દેસાઇ

## નાણાંમંત્રીના હસ્તે વાપી નગરપાલિકાના ૩૯.૩૧ કરોડના વિકાસકાર્યોના લોકાર્પણ




। (માહિતી) સુરત, તા.૧૩ ।

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે વાપી ખાતેથી વાપી નગરપાલિકાના રૂ.૩૧.૮૨ કરોડના ૨૦ કામોનું લોકાર્પણ અને રૂ.૭.૪૯ કરોડના ૬ કામોનું ખાતમુહૂર્ત મળી કુલ રૂ.૩૯.૩૧ કરોડના વિકાસકાર્યો નું સાંસદ ડૉ. કે.સી.પટેલ અને પદ્મભૂષણ શ્રી રજુજુભાઈ શ્રોફની ગરિમામયી ઉપસ્થિતિમાં લોકાર્પણ – ખાતમુહૂર્ત કર્યું હતું. મંત્રીશ્રીએ વર્ચ્યુઅલી તકતીઓનું અનાવરણ કરી વિવિધ વિકાસકાર્યોની વાપી વાસીઓને ભેટ આપી હતી. લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વાપીના વિકાસની વાત કરીએ તો વાપી નગર પંચાયતથી શરૂ કરી નગરપાલિકા હવે મહાનગરપાલિકા બનશે. દરેકે દરેક સમયે વાપીના વિકાસમાં પોતપોતાનો સહયોગ આપ્યો છે. વડાપ્રધાનશ્રી વર્ષ ૨૦૦૭માં જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સ્વર્ણિમ યોજના અમલમાં મૂકી શહેરોના વધુ અને સુવ્યવસ્થિત વિકાસ માટે આયોજન કર્યું હતું. જેનો વાપીને પણ લાભ મળવાથી વાપીનો પણ અવિરત વિકાસ થયો છે. આ ઓડિટોરીયમ માટે પણ પૈસાની ફાળવણી થયા બાદ જગ્યાનો પ્રશ્ન ઊભો થયો હતો ત્યારે રજુજુભાઈ શ્રોફ અને રોફેલ ટ્રસ્ટે વિનામુલ્યે જમીન આપી વાપીના વિકાસમાં પોતાની ભાગીદારી નોંધાવી છે જેમનો ખુબ ખુબ આભાર માનું છું. વાપીમાં ટ્રાફિકની સમસ્યાનું નિવારણ પણ ખુબ જ ટૂંકા સમયમાં થવા જઈ રહ્યું છે. વાપી શહેરની પાણી અને ગટર વ્યવસ્થા પણ સુદૃઢ બની છે.

# પ્રાકૃતિક ખેતીથી ધરતી માતાને બચાવવાના મહાયજ્ઞમાં તાપીના ખેડૂત ભાઈ-બહેનોએ તપ કરવું પડશે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



। (માહિતી) સુરત, તા.૧૩ ।

તાપી જિલ્લાના મહારાષ્ટ્ર રાજ્યને અડીને આવેલા સરહદી ઉચ્છલ તાલુકાના હરિપુરા ખાતે ધરતી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ-ઉચ્છલ, અને સુરત-તાપી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ (સુમુલ ડેરી)નાં સંયુકત ઉપક્રમે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ મહિલા સંમેલન યોજાયું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જનમેદનીને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, તાપી જિલ્લાના હર્યાભર્યા ખેતરો જોઈને ખ્યાલ આવે છે કે, તાપી જિલ્લાના ખેડૂતો ખુબ મહેનતુ અને પરિશ્રમી છે. મહિલાઓની ભાગીદારી તમામ ક્ષેત્રોમાં અગત્યની રહી છે ત્યારે, મહિલાઓ પ્રાકૃતિક ખેતી અપનાવે તે જરૂરી છે એમ ઉમેરી, યુરિયા-ડીએપી જેવા રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના બેફામ ઉપયોગના કારણે ધરતી બીનઉપજાઉ બની છે એમ જણાવ્યું હતું. તેમણે પ્રાકૃતિક ખેતીને લોકો જૈવિક ખેતી સમજી લે છે, રાજ્યપાલશ્રીએ લોકોની ગેરસમજ દુર કરી પ્રાકૃતિક ખેતી અંગે વિગતવાર જાણકારી આપી પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભથી સૌને અવગત કરાવ્યા હતા. તેમણે પોતાના અનુભવો વર્ણવી કહ્યું કે, પ્રાકૃતિક ખેતીથી જમીનની ગુણવત્તા વધે અને તેના કારણે ઉત્પાદનમાં વધારો થાય. જેના થકી ખેડૂતોની આવકમાં વધારો થાય છે. રાજયપાલ શ્રીએ પોતાના ખેતરમાં એક એકરમાં ૩૫ ક્વિન્ટલ ડાંગર પકવી છે, એમ ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ દેશી ગાયનું પાલન કરવા ખાસ અનુરોધ કર્યો હતો. તેમણે ખેતી માટે દેશી ગાયના છાણ અને ગૌમુત્રનું વિશેષ મહત્વ છે એમ ઉમેર્યું હતું. દેશી ગાયના છાણ અને ગૌમુત્રને ધરતી માટે અમૃત ગણાવ્યું હતું. તેમણે અળસિયાને ખેડૂતનો મિત્ર ગણાવી અળસિયા ધરતીને ગુણવાન બનાવે છે. પ્રાકૃતિક ખેતીમાં અળસિયાના જીવનચક્રના મહત્વ અંગે સૌને અવગત કરાવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરોના ઉપયોગથી પ્રાકૃતિક કૃષિની સમતુલા ખોરવાઇ રહી છે. આબોહવા ખરાબ કરવાનું કાર્ય રાસાયણિક ખેતી કરી રહી છે. ધરતીમાં ઝેર ભેળવાતા અનેક પ્રકારના રોગો ઘર કરી ગયા છે.

# 'સીટી બ્યુટી કોમ્પિટિશન'માં ઝળક્યું કોડિનારનું સ્વામી વિવેકાનંદ પાર્ક

। ગીર સોમનાથ, તા.૧૩ ।

ગાંધીનગર સ્થિત ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ખાતે સીટી બ્યુટી કોમ્પિટિશનમાં રાજ્ય સ્તરે વિજેતા થયેલા મહાનગરો અને નગરપાલિકાઓ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારના હસ્તે એવોર્ડ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગીર સોમનાથ જિલ્લાનાં કોડિનાર નગરપાલિકાના 'સ્વામી વિવેકાનંદ પાર્ક'ને દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત થયો છે. આ તકે, કોડિનાર નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી વિનોદ રાઠોડે જણાવ્યું હતું કે, 'કેન્દ્રીય હાઉસિંગ અને અર્બન અફેર્સ મંત્રાલય દ્વારા આયોજિત સીટી બ્યુટી કોમ્પિટિશનમાં ગુજરાતની વિવિધ મહાનગરપાલિકાઓ અને નગર પાલિકા દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં કોડિનાર નગરપાલિકાના સ્વામી વિવેકાનંદ પાર્કને મિક્સ કેટેગરીમાં (MC NPs)માં દ્વિતિય ક્રમાંક અને તમામ નગરપાલિકાઓમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો છે. જે અંતર્ગત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સચિવશ્રી દ્વારા આ એવોર્ડ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગ્રીન સ્પેસ કેટેગરીમાં પ્રથમ ક્રમે લોકમાન્ય તિલક ગાર્ડન-સુરત મહાનગરપાલિકા, દ્વિતીય ક્રમે સ્વામી વિવેકાનંદ પાર્ક- કોડિનાર અને તૃતીય ક્રમે ફ્લાવર પાર્ક- અમદાવાદ મહાનગર પાલિકાને એવોર્ડ પ્રાપ્ત થયો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. પ્રિયતમ આજે તમારી પાસે થી કંઈ માંગ કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે. તેમની સાથે સંપૂર્ણ સહકારપૂર્વક કામ કરી જીવનના ચડાવ-ઉતાર તેમની સાથે શૅર કરો. તમારો બદલાયેલો અભિગમ તેમને અમર્યાદ આનંદ આપશે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમારૂં પ્રિયપ ાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે. આજે તમે તમારા કામમાં પ્રગતિ જોઈ શકો એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. અણર્ધાયા બિલ આર્થિક બોજો વધારશે. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે અને તમારાથી નારાજ છે. સપનામાંના ભયને છોડો અને તમારા રૉમેન્ટિક સાથીદારની સંગત માણશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્રક્ષ રાખવી જોઈએ? તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો. એવું કરવલાનું ટાળજો કેમ કે તે આ વાત કોઈક અન્યને જણાવી શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. ઘરનું કામ થકાવનારૂં હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે. વ્યાવસાયિક મોરચે જવાબદારીમાં વધારો થવાની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે. કામના સ્થળે આકાર લઈ રહેલા ફેરફારથી તમને લાભ થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? મિત્રો તથા સંબંધીઓ તમારી તરફેણ કરશે અને તમે તેમની સોબતમાં ખાસ્સા ખુશ રહેશો.

### રાજકોટ ટેસ્ટમાં અશ્વિને તાત્કાલિક ઘરે જવું પડ્યું હતું

# માતાની તબિયત જોવા રોહિતે મારા માટે ચાર્ટડ પ્લેનની વ્યવસ્થા કરાવી : અશ્વિન

### ડોક્ટરે માતાને વીડિયો પર જોઈ શકાય એવી સ્થિતિ ન હોઈ ટીમ ઈન્ડિયાનો સ્પિનર ભાંગી પડ્યો હતો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝ ભારતીય ટીમે ૪-૧થી જીતી હતી. પ્રથમ ટેસ્ટ હાર્યા બાદ ભારતીય ટીમે પછીની ચાર મેચ જીતી અને આ સાથે તે ટેસ્ટ રેંક્રિંગ અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં નંબર-૧ના સ્થાન પર પહોંચી ગઈ. ભારતીય ટીમની જીત વચ્ચે ટીમના દિગ્ગજ સ્પિનર રવિચંદ્રન અશ્વિનના ઘરે ઈમરજન્સી સર્જાઈ હતી. તેની માતાને આઈસીયુમાં દાખલ કરવી પડી હતી અને ત્યારબાદ અશ્વિન રાજકોટ ટેસ્ટ અધવચ્ચે છોડીને ચેન્નઈ ગયો હતો. છેવટે અશ્વિને હવે તે દિવસે શું થયું હતું અને કોણે તેને સૌથી વધુ મદદ કરી હતી તે અંગે જણાવ્યું છે. અશ્વિને કહ્યું કે, ‘‘તે દિવસે ભારતીય કેપ્ટન રોહિત શર્માએ તેની ઘણી મદદ કરી અને હું વિશ્વાસ જ નથી કરી શકતો કે કોઈ વ્યક્તિ કોઈના વિશે આટલું વિચારી શકે છે.’’

અશ્વિને યુટ્યુબ વીડિયોમાં જણાવ્યું હતું કે, ‘‘હું રાજકોટમાં હતો અને મેં મારી માતાની તબિયત વિશે જાણવા ડોક્ટરને વીડિયો કોલ કર્યો હતો. હું મારી માતાને જોવા માંગતો હતો. પરંતુ ડોક્ટરે કહ્યું કે મારી માતા હજુ એવી સ્થિતિમાં નથી કે તે વીડિયો કોલમાં જોઈ શકાય. આ પછી હું રડવા લાગ્યો. થોડા સમય બાદ રોહિત શર્મા અને રાહુલ દ્રવિડ મારા રૂમમાં આવ્યા હતા. હું ચિંતિત હતો કારણ કે મને રાજકોટથી ચેન્નઈ જવા માટે કોઈ ફ્લાઈટ ન મળી રહી હતી. આ પછી રોહિત શર્માએ મારા માટે ચાર્ટર્ડ પ્લેનની વ્યવસ્થા કરી અને પછી મારી સાથે બે લોકોને રાખ્યા. રોહિતે જે રીતે મારું ધ્યાન રાખ્યું, આ બધું જોઈને હું ચોંકી ગયો હતો.

અશ્વિને રોહિત શર્માના વખાણ કરતા કહ્યું કે, ‘‘મેં ભારતીય રોહિત શર્મા જેવો વ્યક્તિ ક્યારેય જોયો નથી. રોહિતનું દિલ ઘણું સારું છે.

પાંચ આઈપીએલ ટાઈટલ ધરાવતા ખેલાડી માટે આ એટલું સરળ કામ નથી. તે આના કરતાં વધુ લાયક છે અને ભગવાન તેને તે આપશે. આ સ્વાર્થી દુનિયામાં એક એવો વ્યક્તિ પણ છે જે બીજા વિશે વિચારે છે, આવી વ્યક્તિ ભાગ્યે જ જોવા મળે છે.’’






# વર્લ્ડ ટેસ્ટ બોલર રન્કિંગમાં અશ્વિને બુમરાહનું નંબર-૧ સ્થાન છીનવ્યું

### બેટર રેન્કિંગમાં રોહિત શર્મા છઠ્ઠા નંબર પર પહોંચી ગયો, યશસ્વી જયસ્વાલે વિરાટ કોહલીને પાછળ છોડી દીધો

। (એજન્સી) દુબઈ, તા.૧૩ ।

આઈસીસીદ્વારા જાહેર કરાયેલ ટેસ્ટ રેક્રિંગમાં ભારતીય ખેલાડીઓએ ધૂમ મચાવી છે. ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી સ્પિનર રવિચંદ્રન અશ્વિન આઈસીસીરેક્રિંગમાં નંબર-૧ બોલર બની ગયો છે. તેણે જસપ્રીત બુમરાહ પાસેથી નંબર-૧નું સ્થાન છીનવી લીધું છે. આ સાથે જ ભારતીય બેટરોએ પણ આઈસીસીટેસ્ટ રેક્રિંગમાં મોટી છલાંગ લગાવી છે. રોહિત શર્મા હવે છઠ્ઠા નંબર પર પહોંચી ગયો છે. જયારે યશસ્વી જયસ્વાલે સ્ટાર ભારતીય બેટર વિરાટ કોહલીને પાછળ છોડી દીધો છે. આઈસીસીદ્વારા બહાર પાડવામાં આવેલી તાજેતરની આઈસીસીટેસ્ટ રેક્રિંગમાં ભારતીય ટીમના ત્રણ બેટરો સામેલ છે.

રોહિત શર્મા હવે ૫ સ્થાનની છલાંગ લગાવીને નંબર-૬ ટેસ્ટ બેટર બની ગયો છે. યશસ્વી જયસ્વાલ હવે ૨ સ્થાન આગળ વધીને ૮માં નંબરે પહોંચી ગયો છે. આ સાથે જ ઈંગ્લેન્ડ સામેની આખી ટેસ્ટ સીરિઝમાંથી ગેરહાજર રહેલો વિરાટ કોહલી ટેસ્ટ રેક્રિંગમાં ૯માં નંબર પર છે. કોહલીને એક સ્થાનનું નુકસાન થયું છે. હાલમાં જો ભારતની આઈસીસીરેક્રિંગ પર નજર કરીએ તો તે નંબર-૧ ટેસ્ટ, વન-ડેઅને ટી૨૦ ટીમ છે. રવિચંદ્રન અશ્વિન પણ નંબર-૧ ટેસ્ટ બોલર બની ગયો છે, જયારે જસપ્રીત બુમરાહ નંબર-૩ ટેસ્ટ બોલર છે. આ સિવાય સૂર્યકુમાર યાદવ નંબર-૧ ટી૨૦ બેટર છે, જયારે યશસ્વી જયસ્વાલ આ જ ફોર્મેટમાં છઠ્ઠા નંબર પર છે. આ સિવાય રવિન્દ્ર જાડેજા નંબર-૧ ટેસ્ટ ઓલરાઉન્ડર છે. ટેસ્ટ રેન્કિંગમાં બીજા નંબરે ટેસ્ટ ઓલરાઉન્ડરમાં અશ્વિનનું નામ છે.

# વિરાટ કોહલી વિશે સમાચાર પર સ્ટુઅર્ટ બ્રોડ નારાજ થયો

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

વિરાટ કોહલી ક્રિકેટની દુનિયામાં એક મોટું નામ છે. તે વર્તમાન સમયનો મહાન બેટ્સમેન છે. ચાહકો તેને જોવા માટે ઉત્સુક છે. તે જ્યાં પણ જાય છે તેના ચાહકો હાજર હોય છે. પરંતુ કોહલી આ વર્ષે જૂનમાં વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકા દ્વારા સંયુક્ત રીતે યોજાનાર T20 વર્લ્ડ કપમાં જોવા નહીં મળે એવા સમાચાર સામે આવ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. આ વાત સાંભળી ઈંગ્લેન્ડનો પૂર્વ ફાસ્ટ બોલર સ્ટુઅર્ટ બ્રોડ ચોંકી ગયો છે. આઈસીસીએ આ વર્લ્ડ કપની મેચો અમેરિકામાં યોજવાનો નિર્ણય લીધો છે જેથી ત્યાં ક્રિકેટને પ્રમોટ કરી શકાય. આ કારણે ICCએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ અમેરિકામાં યોજવાનો નિર્ણય લીધો છે. આ મેચની ગણના ક્રિકેટની દુનિયાની સૌથી હાઈ વોલ્ટેજ મેચોમાં થાય છે અને જ્યાં પણ આ મેચ થાય છે ત્યાં દર્શકોનો પૂર આવે છે. કોહલીના T20 વર્લ્ડ કપ ન રમવાના સમાચાર આવતા જ બ્રોડ ગુસ્સે થઈ ગયો. બ્રોડે સોશિયલ મીડિયા સાઈટ ઠ પર આ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેણે લખ્યું કે આ સાચું ન હોઈ શકે. તેણે લખ્યું કે પ્રશંસકોને ધ્યાનમાં રાખીને ICCએ અમેરિકામાં મેચનું આયોજન કર્યું, જેમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ પણ સામેલ છે જે ન્યૂયોર્કમાં રમાવાની છે. તેણે લખ્યું કે વિરાટ આખી દુનિયાનો સૌથી મોટો ખેલાડી છે અને તેણે આશા વ્યક્ત કરી કે કોહલીની પસંદગી થશે. બીસીસીઆઈનું માનવું છે કે વિરાટ વેસ્ટ ઈન્ડિઝની ધીમી પિચો માટે યોગ્ય નથી, જ્યારે ટીમ પાસે ટી-૨૦ ફોર્મેટમાં ઘણા એવા ખેલાડીઓ છે જેઓ તેના કરતા ઝડપી રન બનાવી શકે છે. બીસીસીઆઈનું માનવું છે કે ટીમને જે જોઈએ છે તે કોહલી આપી શકતો નથી. BCCIએ વિરાટ કોહલીના ભાવિ અંગેનો નિર્ણય મુખ્ય પસંદગીકાર અજીત અગરકરને સોંપ્યો છે. અજીત અગરકરને તેમને મનાવવાની જવાબદારી સોંપવામાં આવી છે જેથી યુવા ખેલાડીઓ માટે જગ્યા બનાવી શકાય.

### આઈપીએલ પહેલા ભારતીય ક્રિકેટ બોર્ડનું ટેન્શન વધ્યું

# પાકિસ્તાન-ન્યૂઝીલેન્ડ ટીર૦ શ્રેણીથી અનેક ખેલાડીએ IPL છોડવી પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

આઈપીએલ ૨૦૨૪ પહેલા પાકિસ્તાન ક્રિકેટ ટીમના એક નિર્ણયના કારણે બીસીસીઆઈનું ટેન્શન વધી ગયું છે. પીસીબીએ એક એવો નિર્ણય લીધો છે જેના કારણે ભારતને ઘણું નુકસાન થઈ શકે છે. આ નિર્ણય બાદ આઈપીએલમાં ભાગ લેનાર ઘણા વિદેશી ખેલાડીઓ આઈપીએલ છોડીને પરત ફરી શકે છે. તેનાથી લગભગ તમામ આઈપીએલ ટીમોનું ટેન્શન વધશે. આઈપીએલમાં ફ્રેન્ચાઈઝીઓને તેમના વિસ્ફોટક ખેલાડીઓ ગુમાવવા પડી શકે છે. આ બધું પાકિસ્તાનના નિર્ણયને કારણે થઈ રહ્યું છે.પાકિસ્તાને ન્યુઝીલેન્ડ સામે ૫ મેચની ટીર૦આઈ સીરિઝની જાહેરાત કરી છે. ખાસ વાત એ છે કે આ સીરિઝ આઈપીએલ વચ્ચે રમાશે. પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે આ ટીર૦આઈ સીરિઝ ૧૮ એપ્રિલથી શરૂ થવા જઈ રહી છે. આ દરમિયાન ભારતમાં આઈપીએલ ૨૦૨૪ ચાલુ રહેશે. ન્યુઝીલેન્ડના ઘણા ખેલાડીઓ પણ આઈપીએલમાં ભાગ લે છે. આવી સ્થિતિમાં પાકિસ્તાન વિરૂદ્ધ સીરિઝ શરૂ થયા બાદ ન્યુઝીલેન્ડના ઘણા દિગ્ગજ ખેલાડીઓ આઈપીએલ છોડીને પરત ફરી શકે છે. આ સીરિઝ પાકિસ્તાનમાં રમાશે. દરેક દેશના ક્રિકેટ બોર્ડની અપેક્ષા હોય છે કે ખેલાડીઓ પહેલા પોતાના દેશ માટે રમવાને મહત્વ આપે અને પછી અન્ય કોઈ દેશની લીગ રમે. આવી સ્થિતિમાં ન્યુઝીલેન્ડ પણ પાકિસ્તાન સામે ટીર૦આઈ સીરિઝ રમવા માટે પોતાના ખેલાડીઓને પરત બોલાવી શકે છે. જો આવું થાય તો તમામ ટીમોને ઝટકો લાગી શકે છે.

### ઈંગ્લેન્ડના દિગ્ગજ પેસ બોલરે ૭૦૦ વિકેટ પૂરી કરી

# કુલદીપે એન્ડરસનને કહ્યું હતું, હુંજ તારી ૭૦૦મી વિકેટ બનીશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝમાં ભારતે ઈંગ્લેન્ડને ૪-૧થી હરાવી સીરિઝ પોતાના નામે કરી હતી. આ દરમિયાન ઈંગ્લેન્ડના દિગ્ગજ ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસને ૭૦૦ વિકેટ પણ પૂરી કરી હતી. આ સાથે તે ૭૦૦ વિકેટ લેનાર દુનિયાનો પ્રથમ ફાસ્ટ બોલર બન્યો હતો. શ્રીલંકાના પૂર્વ સ્પિનર મુથૈયા મુરલીધરન અને ઓસ્ટ્રેલિયન સ્પિનર શેન વોર્ન એન્ડરસન કરતા વધુ વિકેટ લેનાર બોલર છે. મુરલીધરનના ખાતામાં ૮૦૦ ટેસ્ટ વિકેટ છે જ્યારે વોર્નના ખાતામાં ૭૦૮ ટેસ્ટ વિકેટ છે. એન્ડરસને તેની ૭૦૦મી વિકેટ કુલદીપ યાદવના રૂપમાં ઝડપી હતી. આ વિશે વાત કરતા એન્ડરસને કહ્યું હતું કે, ‘‘હું જ તારી ૭૦૦મી વિકેટ બનીશ. એન્ડરસને કહ્યું, ‘‘કુલદીપ યાદવે એક રન માટે થર્ડ મેન તરફ શોટ રમ્યો હતો. જ્યારે તે નોન-સ્ટ્રાઈકર એન્ડ પર આવ્યો અને હું રનઅપ માટે મારા માર્ક પર પાછો ફરી રહ્યો હતો ત્યારે તેણે મને કહ્યું કે હું જ તારી ૭૦૦મી વિકેટ બનીશ. એવું ન હતું કે તે મને કહેતો હતો કે તે આઉટ થવાનો પ્રયાસ કરશે, તેણે ફક્ત એટલું જ કહ્યું કે તેને એવું લાગ્યું અને અમે બંને આ વાત પર હસવા લાગ્યા.’’કુલદીપ યાદવની વાત સાચી થઈ અને જેમ્સ એન્ડરસને તેને પોતાની ૭૦૦મી વિકેટના રૂપમાં આઉટ કર્યો હતો. છેલ્લી ટેસ્ટ મેચ ભારતીય ટીમે એક ઈનિંગ અને ૬૪ રને જીતી હતી. ઈંગ્લેન્ડે પ્રથમ ઈનિંગમાં ૨૧૮ રન બનાવ્યા હતા જેના જવાબમાં ભારતીય ટીમ ૪૭૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી કુલદીપ યાદવે ૬૯ બોલમાં ૩૦ રનની ઈનિંગ રમી હતી.

### હાર્દિક પંડ્યાને પ્રવીણકુમારનો સવાલ

# તમે આઈપીએલ પહેલાં કેવી રીતે ફિટ થઈ જાઓ છો?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ દુનિયાની સૌથી પ્રતિષ્ઠિત લીગમાંની એક છે. આઈપીએલ ૨૦૨૪ની શરૂઆત ૨૨ માર્ચથી થવા જઈ રહી છે. આ આઈપીએલ સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ નવા કેપ્ટન હાર્દિક પંડ્યા સાથે મેદાનમાં ઉતરશે. પરંતુ હવે એવું લાગી રહ્યું છે કે હાર્દિકે મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બનીને કંઈક ખોટું કર્યું છે. હાર્દિક હાલ દરેકના નિશાના પર છે. રોહિત શર્માને હટાવીને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવવાના મુંબઈ ઈન્ડિયન્સના નિર્ણયને ઘણા પૂર્વ ક્રિકેટરોએ પણ ખોટો ગણાવ્યો છે. ઘણા ચાહકોનું માનવું છે કે મુંબઈ ઈન્ડિયન્સે રોહિત શર્માનું અપમાન કર્યું છે. હવે ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર પ્રવીણ કુમારે હાર્દિક પંડ્યા પર નિશાન સાધ્યું છે. પ્રવીણ કુમારે હાર્દિક પંડ્યા પર કટાક્ષ કરતા કહ્યું કે, ‘‘તમે આઈપીએલ પહેલા કેવી રીતે ફિટ થઈ જાઓ છો.’’ પ્રવીણ કુમારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેણે હાર્દિક પંડ્યા વિશે કહ્યું કે, ‘‘તમે દેશ માટે નથી રમતા, ડોમેસ્ટિક ક્રિકેટમાં તમે તમારા રાજ્ય માટે નથી રમતા અને આઈપીએલ પહેલા તમે ફિટ થઈ જાઓ છો. આવી વસ્તુઓ ન થવી જોઈએ. તમારે દેશ અને તમારા રાજ્ય માટે પણ ડોમેસ્ટિક ક્રિકેટ રમવું જોઈએ પરંતુ કેટલાક લોકો હવે આઈપીએલને વધુ મહત્વ આપે છે.’’ જણાવી દઈએ હાર્દિક પંડ્યા વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. જે બાદ હાર્દિક આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. આ પહેલીવાર નથી જ્યારે હાર્દિક ઈજાના કારણે કોઈ મોટી ટુર્નામેન્ટમાંથી બહાર થયો હોય.

## વિશેષ | વડાપ્રધાનશ્રીના હસ્તે સામાજિક ઉત્થાન અને રોજગાર આધારિત પી.એમ સૂરજ રાષ્ટ્રીય પોર્ટલનું લોંચિંગ કરવામા આવ્યુ

# કેન્દ્રીય સંચારમંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિમાં ઇપ્કોવાલા હોલ ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો વર્ચ્યુઅલ કાર્યક્રમ યોજાયો






। (માહિતી) નડિયાદ ।

કેન્દ્રીય સંચારમંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિમાં ઈપ્કોવાલા હોલ નડિયાદ ખાતે વર્ચ્યુઅલ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સામાજિક ઉત્થાન અને રોજગાર આધારીત જન કલ્યાણ (PM SU-RAJ) પોર્ટલ લોન્ચિંગ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યુ હતું. આ યોજના થકી ૫૨૨ જિલ્લાઓના ૧ લાખથી વધુ SC, OBC અને સફાઈ કામદારોને લાભ મળશે.સાથોસાથ નમસ્તે યોજના અંતર્ગત સફાઈ કામદારોને આયુષ્યમાન હેલ્થકાર્ડ અને PPE કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય સંચારમંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણે સફાઈ કામદારોને મુખ્યધારામાં તેઓ કઈ રીતે જોડાઈ વિકસિત ભારત અને વિકસિત ગુજરાતના લક્ષ્યને સાકાર કરવામા મદદ કરી શકે છે. તે અંગે ખ્યાલ આપ્યો હતો. પહેલાના સમયમાં સામાજિક અન્યાય કેટલાક વર્ગના લોકોને થતો હતો. પણ ૧૦ વર્ષોથી ભારતમાં સામાજીક રીતે પાછળ રહી ગયેલા લોકો આજે સ્વમાનભેર જીવન જીવી શકે તે માટે અનેક યોજનાઓ અમલમાં આવી છે. સમય બદલાયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના માનવ સુધી આ લાભ પહોચી શકે તે અંગે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ અનેક ગામોમાં તમામ વર્ગોને મુખ્યધારા સાથે જોડવાનુ કામ કર્યુ છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સામાજિક ઉત્થાન અને રોજગારને ધ્યાનમા રાખીને પી.એમ સૂરજ રાષ્ટ્રીય પોર્ટલનું લોંચિંગ આજે કર્યુ છે ત્યારે કેટલાક સમાજો જે આર્થિક રીતે નબળા છે તેમણે ઓછા વ્યાજદરે ઋણ મળશે. અને જેથી તે પોતનો નવો વ્યવસાય ચાલુ કરીને આત્મનિર્ભર જીવન જીવી શકશે. સાથોસાથ મંત્રીશ્રીએ નવી ટેકનોલોજીના માધ્યમથી કેવી રીતે તેનો ઉપયોગ સફાઈમાં તેઓ કરી શકે છે. તે અંગે ખ્યાલ આપ્યો હતો.

આ કાર્યક્રમમાં મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત ભાવનગરથી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમદાવાદથી ગુજરાતના લોકો સાથે વર્ચ્યુઅલ માધ્યમથી સંવાદ સાધ્યો હતો. આ કાર્યક્રમમાં સંચારમંત્રીશ્રી દેવુસિહ ચૌહાણના હસ્તે લાભાર્થીઓને આયુષ્યમાન ભારત કાર્ડનુ વિતરણ કર્યો હતો.

આ કાર્યક્રમમાં માતરના ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમાર, નડિયાદ નગરપાલિકા પ્રમુખશ્રી કિન્નરીબેન શાહ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી અજયભાઈ ભ્રહ્મભટ્ટ, ખેડા જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવ તેમજ જિલ્લાના અગ્રણીઓ અને મોટી સંખ્યા લોકો જોડાયા હતા.

### ખાડો ખોદીને સીમકાર્ડ છુપાવ્યું હતું

# મહિલા સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી સીમકાર્ડ મળ્યા

**સિમકાર્ડની વધુ તપાસ માટે જપ્ત કરીને એફએસએલના સાયબર ફોરેન્સીક ડિપાર્ટમેન્ટમાં મોકલી અપાયું**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

લો બોલો હવે મહિલા સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી સીમ કાર્ડ મળી આવતા ચકચાર મચી ગઈ છે.અત્યાર સુધીમાં પુરુષ જેલમાંથી જ સીમકાર્ડ મળતા હતા આ વખતે મહિલા જેલના પાછળના ભાગમાં આવેલી ખુલ્લી જગ્યામાં દાટેલું સીમકાર્ડ મળી આવતા રાણીપ પોલીસ સ્ટેશનમાં ગુનો નોધાયો હતો. સીમકાર્ડ કોનું તે અંગે એફએસએલની પણ મદદ લેવાશે. અમદાવાદની મધ્યસ્થ સાબરમતી સેન્ટ્રલ જેલના મહિલા વિભાગમાંથી પણ સીમકાર્ડ મળી આવતા ચર્ચાનો વિષય બન્યો છે. અત્યાર સુધી પુરુષના વિભાગમાંથી જ સીમકાર્ડ અને મોબાઈલ મળતા હતા હવે મહિલા જેલમાંથી પણ મળતા ચકચાર મચી ગઈ છે. અમદાવાદની જુની મહિલા મધ્યસ્થ જેલના મહિલા કાચાયાર્ડ બેરેક નંબર ૯-૧૦ ના પાછળના ખુલ્લા ભાગમાં જમીનમાં એક ખાડો કરીને એક સીમકાર્ડ સંતાડેલું મળી આવ્યું હતું. ઈન્ચાર્જ જેલર યોગેશ પંડ્યાને માહિતી મળી હતી તે આધારે સર્ચ કરતા પ્રતિબંધીત સીમકાર્ડ મળી આવ્યું હતું. એરટેલ કંપનીના સિમકાર્ડની વધુ તપાસ માટે જપ્ત કરીને એફએસએલના સાયબર ફોરેન્સીક ડિપાર્ટમેન્ટમાં મોકલી આપ્યું છે. આ સીમકાર્ડ કયા મોબાઈલમાં ચાલતુ હતુ અને તે કોના નામે ખરીદાયેલું છે અને તેને કોણ વાપરી રહ્યું હતું છેલ્લા કેટલા સમયથી આ જેલમાં વપરાતું હતુ અને તેની તપાસ થયા બાદ તેને અંદર લાવવામાં કોણે મદદ કરી તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવશે. આ અંગે રાણીપ પોલીસ સ્ટેશનમાં ગુનો નોધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.



વાસણા ડેમની પાછળ વનસ્પતિ ઉગી ગયેલ છે.

### મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના બેણદા ખાતે

# શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરના હસ્તે તાલુકા રમત સંકુલનું ભૂમિપૂજન કરાયું

। મહીસાગર, તા.૧૩ ।

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના બેણદા ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા તાલુકા રમત સંકુલ ઈન્ડોર મલ્ટીપર્પસ હોલ અને વિવિધ માળખાકીય સુવિધા સાથે સ્પોર્ટસ સંકુલનું ભૂમિ-પૂજન આદિજાતી વિકાસ,પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરના હસ્તે કરાયું. આ પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરએ જણાવ્યું હતું કે, આ મેદાનમાં તૈયાર થયેલ ખેલાડીઓ દેશને ગૌરવ અપાવશે. આ સંકુલમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. રાજ્યમાં રમત ગમતને પ્રોત્સાહન મળે એ માટે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અંદાજે ૦૭ કરોડના ખર્ચે નવનિર્માણ થનાર આ તાલુકા રમત સંકુલમાં માળખાકીય સુવિધામાં ઈન્ડોર મલ્ટીપ પર્ઝ હોલમાં વહીવટી કચેરી, સ્ટોર રૂમ, લોકર, ટોઈલેટ, ઈલેક્ટ્રિકલ રૂમ, ટેબલ ટેનિસ હોલ, શૂટિંગ રેંજ માટેનો હોલ, મલ્ટીપર્પઝ હોલ, જિમ્નેશિયમ, બેડમિન્ટન કોર્ટ, હાફ બાસ્કેટબોલ કોર્ટ, યોગા, ટેકવાન્ડો અને જુડો તેમજ બાહ્ય રમતના મેદાનોમાં ૨૦૦ મી. મડી એથ્લેટીક ટ્રેક અને પ્રેકિટસ મેદાન, વોલીબોલ કોર્ટ, ખો-ખો કોર્ટ, કબડ્ડી કોર્ટ નો સમાવેશ થાય છે. આ પ્રસંગે સાંસદશ્રી જસવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રમત-ગમત ક્ષેત્રે ખેલાડીઓને ઉત્સાહ વધારવાનું કામ કર્યું છે અને આજે ગુજરાત રમત ગમત ક્ષેત્રે ખૂબ આગળ વધી રહ્યું છે.



આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, દાહોદ સાંસદશ્રી જસવંતસિંહ ભાભોર, તાલુકા પંચાયત પ્રમખશ્રી હરેશભાઈ વળવાઈ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી મંગુબેન માલીવાડ, પ્રાંત અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી સહિત ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ક્રાઇમ બ્રાન્ચે પોલીસ અધિકારી સામે તપાસ ન કરી

# ૨૦૦૦ના બોગસ વિઝા કાંડમાં પીઆઇ, પીએસઆઇ સહિત ત્રણનો નિર્દોષ છુટકારો

**તપાસ કરતા પહેલાં કેન્દ્રમાંથી મંજૂરી મેળવી નથી : કોર્ટ**

।(એજન્સી) અમદાવાદ, તા.૧૩।

ઘીના ઠામમાં ઘી કહેવતને યથાર્ત્ કરતો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં વર્ષ ૨૦૦૦માં બોગસ વિઝા મારફતે અમેરિકા મોકલવાના પ્રકરણમાં ક્રાઈમ બ્રાન્ચે સંડોવાયેલ પીઆઈ, પીએસઆઈ સહિતના અધિકારીઓ સામે કોઈ જ ઠોસ તપાસ કરી ન હતી. જેના કારણે એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એમ.વી.ચૌહાણે ત્રણે અધિકારીઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુક્યા છે. આ સાથે જ કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે, આરોપી સામે ગુનો પુરવાર થાય તેટલા કોઈ જ પુરાવા નથી, પાસપોર્ટ એક્ટનો ગુનો હોવા છતા તપાસ કરનારે કેન્દ્ર સરકારમાંથી કોઈ જ મંજૂરી મેળવી નથી. ૫ જૂન ૨૦૦૦ના રો કુવૈત એરપોર્ટ પર અધિકારીએ શંકાસ્પદ દસ્તાવેજ હોવાથી અતુલ મોહન બિન્દાલ અને સારાભાઈ પટેલને ડિપોર્ટ કર્યા હતા. ત્યારે એરપોર્ટ પર નોકરી કરતા પીઆઈ લક્ષ્મણસિંહ હિરાભાઈ ગોહિલ, પીએસઆઈ અમરસિંહ મોતીસિંહ રહેવર, રઘુનાથ પાંડુરંગ પવાર સહિતના પોલીસ અધિકારીઓએ બન્ને આરોપીઓને ત્યાંથી ભગાડી મુક્યા હતા. આ મામલે હોબાળો થતા ક્રાઈમ બ્રાન્ચે આ મામલે જયદીપ ઉર્ફે જીતુ હસમુખલાલ કોઠારી, લક્ષ્મણસિંહ હિરાભાઈ ગોહિલ (પોલીસ ઈન્સ્પેક્ટર), અમરસિંહ મોતીસિંહ રહેવર(એએસઆઈ) ખીમજીભાઈ ખાતુભાઈ ડામોર (પીએસઆઈ) અને રઘુનાથ પાંડુરંગ પવાર(પીએસઆઈ) સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. જેમાં પીઆઈ અમરસિંહ સહિતના લોકોએ જ અતુલ અને સારાભાઈને બોગસ પાસપોર્ટના આધારે પૈસા લઈ વિદેશ મોકલ્યા હતા. પરંતુ તેઓ કુવૈત ઝડપાઈ ગયા હોવાનું તપાસમાં ખુલ્યું હતું. આ દરમિયાન અતુલ અને સારાભાઈની ટિકીટ કઢનાર જયદિપ કોઠારીને હાઈકોર્ટે ડિસ્ચાર્જ કર્યો હતો. જ્યારે પીએસઆઈ ખીમજીભાઈ ડામોરનું મોત થતા કેસ અબેટ કરવામાં આવ્યો હતો. જ્યારે પીઆઈ લક્ષ્મણસિંહ ગોહીલ, પીએસઆઈ રઘુનાથ પવાર અને એએસઆઈ અમરસિંહ રહેવર સામે કેસ ચાલવા પર આવ્યો હતો. જેમાં આરોપીઓ તરફે એવી દલીલ કરવામાં આવી હતી કે, ખોટી રીતે કેસ કરવામાં આવ્યો છે, અમારી કોઈ જ સંડોવણી ખુલી નથી, ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં પોલીસ અધિકારીની સંડોવણીના કોઈ જ પુરાવા નથી, આરોપીઓ સાથે પોલીસની સાઠગાંઠ હોય તેના પણ પુરાવા નથી તેથી નિર્દોષ છોડી મુકવા જોઈએ.

**ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ આવી જુબાની આપી**

તપાસ કરનાર અધિકારી ભાનુશંકર છગનલાલ જોષીએ પાસપોર્ટ અંગે તપાસ કરી પરંતુ પોલીસ અધિકારીઓની મીલીભગત વિશે કોઇ જ તપાસ ન કરી હોવાની જુબાની આપી. ઉપરાંત અધિકારી હનુભા ભીખુભા ગોહિલે આરોપી સારાભાઇ ચતુરભાઇ પટેલના પાસપોર્ટ અને તેના સાક્ષીની તપાસ કરી પરંતુ પોલીસ અધિકારી વિશે તપાસ જ ન કર્યાની જુબાની આપી. તપાસ કરનાર ક્રાઇમ બ્રાન્ચના તત્કાલીન પોલીસ ઇન્સ્પેક્ટર રાજેશકુમાર ચુનીભાઇ પાઠકે એવી જુબાની આપી હતી કે, કેસમાં આરોપી એવા પોલીસ કર્મચારીઓના નામ સરનામા હતા નહીં.

### બે શખ્સો પૈકી એક પલાયન થઇ ગયો, એકની ધરપકડ

# નરોડા વિસ્તારમાં ટેસ્ટ ડ્રાઇવના નામે ગાડી લૂંટવાનો પ્રયાસ

**આ મામલે નરોડા પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

શહેરના નરોડા વિસ્તારમાં ટેસ્ટ ડ્રાઈવના નામે ગાડી લૂંટવા બે શખ્સો રાજસ્થાનથી આવ્યા હતા. ગાડીનો ટેસ્ટ ડ્રાઈવ લેતી વખતે એક શખ્સે ગાડીમાં બેઠેલ યુવકનું ગળું પકડ્યું હતું. જો કે, યુવકે તાકાત વાપરી ગળું છોડાવ્યું હતું. ત્યારબાદ સ્ટેરીંગ પકડી લેતા અકસ્માત થયો હતો. જેમાં એક શખ્સ પલાયન થઈ ગયો હતો બીજી તરફ સમયસુચકતા વાપરી યુવકે એક શખ્સને ઝડપી લીધો હતો. આ મામલે નરોડા પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી છે. શહેરના સરદારનગર વિસ્તારમાં ૧૯ વર્ષિય મહેશ વેલાભાઈ ભરવાડ રહે છે અને નાના ચિલોડા ખાતે કે.બી.મોટર્સ નામની ખાનગી કાર લે-વેચ ફર્મમાં નોકરી કરે છે. થાડ દિવસો પહેલાં તેમના ત્યાં ક્રેટા ગાડી વેચવા માટે લીધી હતી. ૧૨મીના રોજ મહેશ ઓફિસ પર હાજર હતો. ત્યારે બે વ્યક્તિ આવ્યા હતા અને ક્રેટા ગાડી ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારબાદ ગાડીનો ટેસ્ટ ડ્રાઈવ લેવા જણાવ્યું હતું. જેથી મહેશ ડ્રાઈવરની બાજુમાં બેઠો હતો. જ્યારે બે શખ્સો પૈકી એકે ગાડી ચલાવી હતી અને બીજો પાછળ બેસી ગયો હતો. ડ્રાઈવરે ચીલોડા વાળો બ્રિજ ઉપર ચઢાવતા મહેશે ના પાડી હતી. જેથી ડ્રાઈવરે કરાઈ તરફ ગાડી પુર ઝડપે જવા દીધી હતી. જેથી મહેશને શંકા જતા તેણે ગાડી ઉભી રાખવા જણાવ્યું હતું. ત્યારે પાછળ બેઠેલા શખ્સે મહેશનું ગળું પકડ્યું હતું અને ખિસ્સામાંથી પૈસા અને ફોન લઈ તેને માર માર્યો હતો. જો કે, જેમ તેમ કરી મહેશે ગળુ છોડાવ્યું હતુ અને તાકાત કરી ગાડીનું સ્ટેરીંગ ફેરવી કાઢ્યું હતું. જેથી ગાડી ડિવાઈડર પર ચઢી ગઈ હતી. જેથી ગાડી ઉભી રહી ગઈ હતી. આ સમયે પાછળ બેઠેલ શખ્સ પલાયન થઈ ગયો હતો. જો કે, મહેશે બળનો ઉપયોગ કરી ડ્રાઈવરને પકડી રાખ્યો હતો.

# અમૂલ અને સાબર બ્રાન્ડના ઘીમાં પ્રતિ કિલો ૨૫ રૂપિયાનો ઘટાડો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

અમૂલ અને સાબર બ્રાન્ડના ઘીમાં પ્રતિ કિલો ૨૫ રૂપિયાનો ઘટાડો કરાયો છે... અને ૧૫ કિલોના ડબ્બાના ભાવ માં ૩૭૫નો ભાવ ઘટાડો કરવામાં આવ્યો છે. સામાન્ય જનતા માટે એક ખુશીના સમાચાર સામે આવ્યા છે.. અમૂલ અને સાબર બ્રાન્ડના ઘીના ભાવમાં ઘટાડો કરાયો છે.. અમૂલ અને સાબર બ્રાન્ડના ઘીમાં પ્રતિ કિલો ૨૫ રૂપિયાનો ઘટાડો કરાયો છે. અને ૧૫ કિલોના ડબ્બાના ભાવ માં ૩૭૫નો ભાવ ઘટાડો કરવામાં આવ્યો છે. ૧૫કિલો ઘી ડબ્બા નો જુનો ભાવ ૯૨૨૦ હતો જે હવે ૮૮૪૫માં મળશે. ઘીના નવા ભાવ ૧૪ માર્ચથી લાગુ કરવામાં આવશે. ઘી એક એવી વસ્તુ છે જે દરેક વર્ગના લોકોની જરૂરીયાત છે. છેલ્લા કેટલાક સમયથી ઘીના વધતા ભાવોએ સામાન્ય જનતાની ચિંતા વધારી દીધી હતી.. ત્યારે ઘીના ભાવમાં પ્રતિકિલો ૨૫ રૂપિયાના ઘટાડાથી મધ્યમવર્ગના લોકોને મોટી રાહત મળશે.. મહત્વપૂર્ણ છે કે ગત વર્ષે નવેમ્બર માસમાં સાબર ડેરીએ પ્રતિકિલો ઘીએ ૨૯ રૂપિયાનો ભાવ ઘટાડ્યો હતો.

# રાજસ્થાનમાં અમદાવાદ તરફ જતી ૨૯ ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

રાજસ્થાનમાં અમદાવાદ તરફ જતી ૨૯ ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા છે. પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના મહેસાણા-પાલનપુર વચ્ચે આવેલા ધારેવાડા, છાપી, ઉમરદશી અને પાલનપુર સ્ટેશનો વચ્ચે ટેકનિકલ કામના કારણે બ્લોક લેવામાં આવી રહ્યો છે. બ્લોકને કારણે અમદાવાદ તરફ જતી ઘણી ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા છે અને ઘણી ટ્રેનો આંશિક રીતે રદ કરવામાં આવી છે. ઉત્તર પશ્ચિમ રેલવેના મુખ્ય જન સંપર્ક અધિકારી કેપ્ટન શશીએ આ માહિતી આપી છે. બીજી તરફ રેલવે મુસાફરોને આપ વામાં આવેલી રાહતના ભાગરૂપે ઘટેલું ભાડું શનિવારથી અમલમાં આવ્યું છે. દિલ્હી-મુંબઈ રૂટ પર સ્થિત ભવાનીમંડીથી અપ અને ડાઉન લાઈન પર ૮ ટ્રેનો છે. આમાં કોટ-ચૌમહલા, કોટા-નાગદા, કોટા-વડોદરા, કોટા-રતલામ પેસેન્જર ટ્રેનો અપ લાઈન પર અને ચૌમહલા-કોટા, રતલામ-કોટા, નાગદા-કોટા, બરોડા-કોટા પેસેન્જર ટ્રેનો ડાઉન લાઈન પર ચાલે છે.









**શિક્ષણ અધિકારીની મુલાકાત દરમિયાન ઘટનાનો પર્દાફાશ**

# ધો.૧૨ ની પરીક્ષા દરમિયાન કરમસદ પરીક્ષા કેન્દ્રમાં માસ કોપી કેસની ઘટના બની

**સરદાર પટેલ વિદ્યામંદિર સેન્ટરમાં બારીમાંથી કોઈ જવાબ લખાવી રહ્યું હોવાનું પણ સામે આવ્યું છે**

। (એજન્સી) આણંદ, તા.૧૩ ।

આણંદમાં ધો.૧૨ ની પરીક્ષા દરમિયાન કરમસદ પરીક્ષા કેન્દ્રમાં માસ કોપી કેસની ઘટના બની છે. જિલ્લા શિક્ષણ અધિકારીની મુલાકાત દરમિયાન આ ઘટનાનો પર્દાફાશ થયો છે. સરદાર પટેલ વિદ્યામંદિર સેન્ટરમાં બારીમાંથી કોઈ જવાબ લખાવી રહ્યું હોવાનું સામે આવ્યું છે.રાજ્યભરમાં વર્તમાન સમયમાં ગુજરાત બોર્ડની પરીક્ષા શરુ થઈ ચુકી છે. ત્યારે રાજ્યભરમાં શાંતિપૂર્ણ પરીક્ષા પૂરી થાય તે માટે અનેક પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. ત્યારે આજે આણંદમાં ધો.૧૨ ની પરીક્ષા દરમિયાન કરમસદ પરીક્ષા કેન્દ્રમાં માસ કોપી કેસની ઘટના બની છે. જિલ્લા શિક્ષણ અધિકારીની મુલાકાત દરમિયાન આ ઘટનાનો પર્દાફાશ થયો છે. સરદાર પટેલ વિદ્યામંદિર સેન્ટરમાં બારીમાંથી કોઈ જવાબ લખાવી રહ્યું હોવાનું સામે આવ્યું છે. તેમજ શિક્ષણ અધિકારીને જોઈ અજાણ્યો યુવક ભાગી જતા જિલ્લા શિક્ષણ અધિકારીએ કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે પરીક્ષા કેન્દ્રના ૫૦ વ્યક્તિના સ્ટાફને સામૂહિક સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આજના પેપરમાં નવા સ્ટાફ સાથે પરીક્ષા શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર મામલાની ગાંધીનગર શિક્ષણ વિભાગમાં પણ જાણ કરવામાં આવી છે.

# અમદાવાદ મંડળ પર કલ્યાણ વિભાગની ટીમને ઉત્કૃષ્ટ કાર્ય માટે કરવામાં આવ્યા સન્માનિત



। અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદ મંડળ પર આયોજિત અમૃત ભારત સ્ટેશન હેઠળ ૯ સ્ટેશન અમદાવાદ, મણીનગર, મહેસાણા, ઉંઝા, સિદ્ધપુર, સામાખ્યાળી, વટવા, ચાંદલોડિયા અને ભીલડીના પુનઃવિકાસ કાર્યક્રમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે સિનિયર મંડળ કાર્મિક અધિકારી શ્રી જિતેશ અગ્રવાલે કાર્મિક વિભાગના ૯ કર્મચારીઓને મેડલ અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કર્યા. આ કાર્યક્રમમાં કાર્મિક વિભાગની વેલફેર ટીમ દ્વારા કરવામાં આવેલા પ્રશંસનીય કામ માટે સન્માન પ્રાપ્ત કરનાર કર્મચારીઓમાં સર્વે શ્રી રાજેશ ઠાકુર, લલિત કુમાર ઝા, જિતેન્દ્ર દેવડા, સચિન વર્મા, જગન પ્રસાદ, રામકેશ મીણા, સુરેશ લખારા, વિનોદ જેઠવા અને સૌરભ ચૌકસે સામેલ છે. સિનિયર મંડળ કાર્મિક અધિકારી શ્રી જિતેશ અગ્રવાલ દ્વારા કલ્યાણ નિરીક્ષકો અને કાર્યાલય અધિક્ષકને મેડલ અને રૂ. ૧૦૦૦ રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨